

## દિવ્ય આશીર્વાદ

શ્રીજી સમકાલીન અને બાપાશ્રી સમકાલીન આપણા સમર્થ સદ્‌ગુરુઓએ અનંત પ્રકારનાં દુઃખો વેઠ્યાં અને માન-અપમાન સહન કરી પોતાના જીવનકાળ દરમ્યાન અવિરત દાખડો કર્યા જ કર્યો.

પોતે સમર્થ હોવા છતાં સ્ત્રી-ધનના ત્યાગી થઈ શ્રીહરિની આજ્ઞા મુજબનું નિયમ-ધર્મે યુક્ત પવિત્ર જીવન જીવ્યા અને અનેકને જીવડાવ્યું.


ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ આદિ અનંત કલ્યાણકારી ગુણોએ યુક્ત હોવા છતાં સામાન્ય મનુષ્ય જેવું જીવન જીવી ભાગવત્ ધર્મનું સાક્ષાત્ સ્વરૂપ બની રહ્યા.

પોતાના ઈષ્ટદેવ અને મળેલા મોટાપુરુષને વિષે અહોભાવ અને દિવ્યભાવમાં રાચતા રહી અનંતને રાચતા કર્યા અને આજ્ઞા-અનુવૃત્તિમાં રહી રાજીપો લેવાની લટક આપી.

આવા આપણા સમર્થ સદ્‌ગુરુઓની દિવ્ય જીવનગાથાને દિવ્ય ભાવે વાંચી-વિચારી, મનન કરી લક્ષ્યાર્થ કરીએ તો મહારાજ-બાપા અને સમર્થ સદ્‌ગુરુઓ પોતાને ગમે એવાં દિવ્ય પાત્રો જરૂર કરશે જ એવા દિવ્ય આશીર્વાદ સહ.

પ્રકાશક
શ્રી સ્વામિનારાયણ મંદિર,
વાસણા, અમદાવાદ-૭
ફોન : ૬૬૧૧૩૮૮

# અ. મુ.
# મહાસમર્થ સદ્‌ગુરુ
# શ્રી મુનિ સ્વામી




"હે સ્વામીય સદાય દિવ્ય મૂર્તિ, શ્રીજી સ્વરૂપમાં રહ્યા;
તે કારણ શુભ શાંત દિવ્ય પેખી, મુનિ નામથી પ્રસિદ્ધ થયા,
કર જોડી વિનંતી કરું લળી લળી, પૂરોય મૂર્તિ પ્યાસજી;
એવા સિદ્ધ અનાદિમુક્ત સદ્‌ગુરુ, શ્રી કેશવપ્રિયદાસજી."

સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ
ઉપક્રમે

# અ.મુ. મહાસમર્થ
# સદ્‌ગુરુ શ્રી મુનિ સ્વામી

: પ્રેરક :
અનાદિમુક્ત સદ્‌ગુરુ શ્રી દેવનંદનદાસજી સ્વામી
(પ.પૂ. બાપજી)

**: સૌજન્ય :**
નયનાબેન ઘનશ્યામભાઈ પટેલ - કુવૈત

સેવા મૂલ્ય : રૂ.૩-૦૦
પડતર મૂલ્ય : રૂ.૬-૦૦

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર, વાસણા, અમદાવાદ - ૭
ફોન : ૬૬૧૧૩૮૮, ૬૬૧૧૪૮૮, ફેક્સ : ૬૬૨૧૪૧૮
© સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

**પ્રાપ્તિ સ્થાન**

શ્રી સ્વામિનારાયણ મંદિર, વાસણા, અમદાવાદ - ૬૬૧૧૩૮૮
શ્રી સ્વામિનારાયણ મંદિર, ઘનશ્યામનગર, અમદાવાદ - ૨૮૭૨૦૮૦
શ્રી સ્વામિનારાયણ મંદિર, ઈસનપુર, અમદાવાદ - ૫૩૩૦૫૪૪
શ્રી સ્વામિનારાયણ મંદિર, (સેક્ટર-૬બી)ગાંધીનગર - ૩૨૨૭૨૫૫
શ્રી સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર - ૩૨૪૫૫૨૧
શ્રી સ્વામિનારાયણ મંદિર, ગોધર(પંચમહાલ) - (૯૫૨૬૭૫)૩૯૩૧૨
શ્રી સ્વામિનારાયણ મંદિર, માલપુર(પંચમહાલ) - (૯૫૨૭૭૩)૨૩૮૮૦
શ્રી સ્વામિનારાયણ મંદિર, ઝાલોદ(પંચમહાલ) - (૯૫૨૬૭૯)૨૪૫૬૬
શ્રી સ્વામિનારાયણ મંદિર, સુરેન્દ્રનગર - (૯૫૨૭૫૨)૩૦૧૯૯
શ્રી સ્વામિનારાયણ મંદિર, મોઢેરા રોડ,મહેસાણા-(૯૫૨૭૬૨) ૫૦૬૮૫
શ્રી સ્વામિનારાયણ મંદિર, વડોદરા - (૯૫૨૬૫)૩૨૫૨૬૫
શ્રી સ્વામિનારાયણ મંદિર, નરોડા - ૨૮૧૨૪૧૭

**પ્રથમ આવૃત્તિ**

૩જી જાન્યુઆરી, ૨૦૦૨
પ્રત : ૨૦૦૦

**લેઝર-કંપોઝ**

શ્રી સ્વામિનારાયણ મંદિર, વાસણા, અમદાવાદ-૭

**મુદ્રક**

શ્રીજી પ્રિન્ટર્સ, મનપસંદ કોમ્પલેક્ષ, બાપુનગર, અમદાવાદ
ફોન : ૨૭૩૨૬૫૪

સમર્થ સદ્. શ્રી મુનિ સ્વામી

## જીવનમંત્ર

સ્વામિનારાયણ ભગવાન મારા ઈષ્ટદેવ છે.
આ સત્સંગ મારું ઘર છે.
છતે દેહે હું અક્ષરધામમાં જ છું.
મહારાજ માટે જ મારો જન્મ છે.
એમના થઈને સદાય જીવવું છે.
ભગવાન અને સંતની સેવા એ મારું સુખ છે.
એમની આજ્ઞા ને અનુવૃત્તિમાં જ સદા રહીશ.
સત્સંગી માત્રના સુખ-દુઃખમાં સદા ભાગીદાર થઈશ.

## ધ્યેયગીત

બનશું અમે આદર્શ બાળ, સદા મૂર્તિમાં રમનાર;
થઈ હરિકૃપા અપાર, આ તો શ્રીજીનો દરબાર,
આજ્ઞા લોપાય નહિ લગાર, પાળીએ થઈને ખબડદાર;
કારણ સત્સંગ જોડદાર, સંતો કેરો છે સહકાર,
તન, મન, ધન, સદા તૈયાર, તજશું જરૂર પડે ઘરબાર;
સર્વોપરી સદા સાકાર, સૌના કારણ ને આધાર,
કરવો પ્રચાર દુનિયાપાર, સંકલ્પ કીધો છે નિરધાર;
સુખ-દુઃખ આવે અપરંપાર, લાગે વિઘ્નોની લંગાર,
તોયે હરિબળે જીવનાર, શ્રીજી બાપા રક્ષણહાર;
આ છે જીવન કેરો સાર, રાજી રહેજો સદા કાળ.

## નમ્ર નિવેદન

સુજ્ઞ વાચકો,

જય શ્રી સ્વામિનારાયણ.

શ્રીજીમહારાજના સર્વોપરી સિદ્ધાંતોને સરળપણે સમજાવવા માટે જ જીવનપ્રાણ બાપાશ્રી કચ્છમાં મનુષ્યરૂપે પ્રગટ્યા. એ જ અરસામાં અ.મુ. સદ્‌ગુરુશ્રી ગોપાળાનંદ સ્વામીના એમના જેવા જ સમર્થ શિષ્ય, અ.મુ. સદ્‌ગુરુશ્રી મુનિ સ્વામી પણ સત્સંગમાં વિચર્યા. બાપાશ્રીએ આ સમર્થ સદ્‌ગુરુને પોતાના જ્ઞાનગુરુ તરીકે સ્વીકારી આપણને આવા દિવ્ય સત્પુરુષને ગુરુ કરવાની રીત શિખવાડી.

આ દિવ્ય સત્પુરુષની દિવ્ય જીવનગાથાની અલ્પ ઝાંખી કરાવવાની સેવા ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પૂ. નિર્ગુણજીવનદાસજી સ્વામીને સોંપી છે, જે તેમણે ખૂબ ઉત્સાહથી બજાવી છે.

હે શ્રીજીમહારાજ ! હે બાપાશ્રી તથા હે સમર્થ સદ્‌ગુરુઓ ! આ પુસ્તિકા વાંચનાર ને અનુસરનાર સૌને સર્વ પ્રકારે ખૂબ સુખિયા કરજો કરજો ને કરજો એવી પ્રાર્થના.

લિ.

આયોજન સમિતિના

જય શ્રી સ્વામિનારાયણ



## પૂર્વાંશ

"શ્રીજી આવ્યા, લાવ્યા મુક્તો, ધામ થકી આ વાર,
નરના જેવું નાટક ધારી, જીવો કરે ભવ પાર."

સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણ પોતાની સર્વોપરી ઉપાસનાના પ્રવર્તન માટે જ્યારે આ બ્રહ્માંડમાં પ્રગટ થયા ત્યારે પોતાની સાથે પોતાના સંકલ્પોને સાકાર કરવા પોતાના દિવ્યમુક્તોને પણ લાવ્યા.

શ્રીજીમહારાજનાં અધૂરાં કાર્યોને પૂરાં કરવા જીવનપ્રાણ બાપાશ્રીનું આ બ્રહ્માંડમાં પ્રાગટ્ય થયું અને બાપાશ્રીએ જોગમાં આવનાર સંતો-હરિભક્તોને "એકમાત્ર ભગવાન સ્વામિનારાયણના સર્વોપરી સ્વરૂપને જેમ છે તેમ ઓળખાવી... એ સર્વોપરી સ્વરૂપમાં જ જોડ્યા અને એ સર્વોપરી સ્વરૂપને વિશે પતિવ્રતાની ભક્તિ દૃઢ કરાવી."

બાપાશ્રીની સાથે આવેલા દિવ્યમુક્તોમાંના, "સદ્‌ગુરુ મુનિ સ્વામી" કે જેઓ અખંડ શ્રીહરિની મૂર્તિમાં રહેનારા અને શ્રીહરિના સંકલ્પથી દર્શન આપતા દિવ્યમુક્ત હતા અને અવરભાવમાં જોવા જઈએ તો સદ્‌ગુરુ મુનિ સ્વામી એટલે જીવનપ્રાણ બાપાશ્રીના રાજીપાનું પૂર્ણ પાત્ર.

સદ્‌ગુરુ મુનિ સ્વામીનો બાપાશ્રી પ્રત્યે અહોભાવ-દિવ્યભાવ, સેવાનો આગ્રહ, આગવી પ્રીતિ તથા સાધુતાના ગુણો દ્વારા સાદા અને સરળ દેખાતા સદ્‌ગુરુની મહાનતા અને દિવ્યતાનાં સહેજે દર્શન થાય.

સદ્‌ગુરુશ્રીના જીવન-કવનને માણી આપણે પણ એવા દિવ્યાનંદના ભોગી થઈએ... આવો, ત્યારે શરૂઆત કરીએ... પ્રાગટ્યથી...

## પ્રાગટ્ય

તીર્થધામ મૂળીથી પાંચ ગાઉ દૂર આવેલું, સુરેન્દ્રનગર જિલ્લાનું એક નાનકડું ગામ. ગામનું નામ ચાણપર. આ ગામમાં વૈશ્ય કણબી જ્ઞાતિના કેટલાંક ઘર, પરંતુ માંડણભાઈ અને હરિબા સૌથી જુદાં તરી આવે. બન્ને

પતિ-પત્ની શ્રીહરિના અનન્ય આશ્રિત અને શ્રીજીમહારાજની નિષ્ઠા તથા નિયમ-ધર્મે યુક્ત જીવન સૌને પ્રેરણા આપે.

પિતા માંડણભાઈના ઘેર પીતાંબરભાઈ તથા જેઠાભાઈના જન્મ બાદ વિ.સં. ૧૯૩૬માં મુક્તરાજ હીરાભાઈનું પ્રાગટ્ય થયું કે જેઓ શ્રીહરિના સંકલ્પ હતા અને સંપ્રદાયમાં આપણે સૌ જેમને સદ્‌ગુરુ મુનિ સ્વામી તરીકે ઓળખીએ છીએ. મુક્તરાજ હીરાભાઈના પ્રાગટ્ય બાદ ચોથા નંબરે પ્રાગજીભાઈનો જન્મ થયેલો.

વઢવાણ પાસેના રતનપુર ગામમાં પોતાનું અધવારુ હોવાથી પિતાશ્રી માંડણભાઈ આદિ ત્યાં પણ રહેતા અને તેથી સદ્‌ગુરુશ્રી-મુક્તરાજ બહુધા રતનપુરમાં જ મોટા થયેલા.

## પ્રથમથી જ વૈરાગ્યમય જીવન

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના સાક્ષાત્ સ્વરૂપ સમાન મોટાપુરુષને પ્રથમથી જ વૈરાગ્ય હતો, વૈરાગ્યમય જીવન હતું એ શબ્દો તો હલકા છે... મીઠાની કોથળી સમુદ્રનો શું તાગ લઈ શકે?... પણ તેમ છતાંય મોટાપુરુષના આવા પ્રસંગો આપણને જીવન જીવવાની ઘણી પ્રેરણા આપતા હોય છે.

૮-૯ વર્ષની ઉંમરે પહોંચેલા આ મુક્તરાજને પિતાશ્રી માંડણભાઈ કયારેક ખેતરમાં મોકલતા અને કહેતા કે, ‘‘ખેતરમાં ઘઉં વાવ્યા છે, તો સાચવજો... ચકલાં ઉડાડજો... જાવ, ખેતરમાં ધ્યાન રાખજો...’’ અને પિતાશ્રીની આજ્ઞા થતાં નાનાભાઈ(પ્રાગજીભાઈ)ને સાથે લઈ પોતે ખેતરમાં જતા અને આપવા ખાતર ધ્યાન આપતા અને પ્રાગજીભાઈને કહેતા, ‘‘આપણે તો ઘઉં ખાવા રહેવું નથી, ને જો તારે ખાવા હોય તો તું ચકલાંને ઉડાડ... મારે કાંઈ ચકલાં ઉડાડવાં નથી.’’ અને પ્રાગજીભાઈ તો મોટાભાઈ(મુક્તરાજ-સદ્‌ગુરુશ્રી)ની આ વાતો સાંભળી વિચાર્યા જ કરે. ‘‘મોટાભાઈ, આ શું બોલે છે ? આમ કેમ બોલતા હશે ?’’



પણ... અગમવાણી ઉચ્ચારતા આ બાળસ્વરૂપ મુક્તરાજના વિરાટ સંકલ્પોની કોને ખબર પડે ?

સાંસારિક સુખ પ્રત્યે બાળપણથી જ અનાસક્તિ અને વ્યવહારની અરુચિ મુક્તરાજમાં સહેજે દેખાઈ આવતી.

ગૃહત્યાગ અને દીક્ષા

અનેકને સેવાનો પાઠ શીખવનાર આ મુક્તરાજમાં નાનપણથી સેવાની ભાવના બહુ જોવા મળે. ગામમાં સંતો આવ્યા છે તેની ખબર પડે એટલે પહોંચી જાય સંતોની સેવામાં... સંતોને જોઈ રાજી-રાજી થઈ જાય અને નાની-મોટી સેવામાં લાગી જાય.

કિશોર અવસ્થાને પામેલા આ મુક્તરાજ સવાર-સાંજ કીર્તનો બોલે, વચનામૃત વાંચે અને સૌને હરિરસ પીવરાવે. સંતો પણ આ મુક્તરાજનાં દર્શનથી આકર્ષાય અને મુક્તરાજના કંઠે કીર્તનો સાંભળી, વચનામૃત સાંભળી રાજી થાય.

એક દિવસ ચાણપરમાં સદ્.શ્રી મોરલીમનોહરદાસજી સ્વામીનું મંડળ આવેલું... મુક્તરાજ હીરાભાઈને આ સમાચાર મળ્યા અને રતનપુરથી પહોંચી ગયા ચાણપર, સંતોની સેવામાં.

સંસારનાં બંધનોથી અનેકને છોડાવવા માટે પધારેલા આ મુક્તરાજનો ગૃહત્યાગનો સંકલ્પ પ્રબળ બન્યો અને પોતે મોરલીમનોહરદાસજી સ્વામીને સાધુ થવાનો સંકલ્પ જણાવી દીધો... સ્વામી તો મુક્તરાજનો આ સંકલ્પ જાણી રાજી થઈ ગયા. ઝવેરી આ ‘‘હીરા’’ને પારખતા હતા, કે ‘‘આ તો કોઈ જુદું જ વ્યક્તિત્વ છે. સાધુતાની સાક્ષાત્ મૂર્તિ છે.’’ અને... કોઈનેય પૂછયા વગર કે કહ્યા વગર મુક્તરાજ ચાલી નીકળ્યા સ્વામીની સાથે. ચાણપરથી નીકળી પોતે સ્વામીની સાથે સુરેન્દ્રનગર આવી પહોંચ્યા.

પિતાશ્રી માંડણભાઈને પુત્રના ગૃહત્યાગની રતનપુરમાં ખબર પડી અને હૈયું વ્યથિત થઈ ગયું... ‘‘આવો હીરો હવે બીજે કયાં મળવાનો ?’’

પરંતુ જાણતા હતા કે "આ તો મોટામુક્ત છે અને સંસારમાં રહેવા નથી આવ્યા." એટલે મન મનાવી આવો દીકરો મળ્યાનો આનંદ પામ્યા. પરંતુ માતા હરિબા પુત્રનો વિયોગ સહન ન કરી શક્યાં અને ચિંતાતુર થઈ ગયાં… પરંતુ "હવે હીરો પાછો આવવાનો નથી, એ તો સાધુ થવા ગયો છે" એવું જાણી માતુશ્રીએ છેલ્લે છેલ્લે પોતાના હાથે કંસાર જમાડવાની ઈચ્છા વ્યક્ત કરી અને પોતાના પતિને થોડા સમય માટે પણ હીરાને લઈ આવવા સુરેન્દ્રનગર મોકલ્યા.

માંડણભાઈ તો આવ્યા સુરેન્દ્રનગર અને મોરલીમનોહરદાસજી સ્વામીને બધી વાત કરી એટલે સ્વામીશ્રીએ એક પાર્ષદની સાથે મુક્તરાજને માંડણભાઈ સાથે મોકલ્યા અને કહ્યું, "જાવ, કંસાર જમાડી, બધાંને રાજી કરતા આવો." મુક્તરાજ નીકળ્યા તો ખરા પરંતુ અંતરમાં ઈચ્છા નહી… અને એટલે,

ઘેર આવી ખાટલે બેઠા અને માતા હરિબા તો દર્શન થતાં રાજી થઈ ગયાં ત્યારે પિતા માંડણભાઈ બોલ્યા જે, "હીરાને કંસાર કરીને જમાડો, અને હાથમાં રૂપામહોર તથા શ્રીફળ આપી ચાંલ્લો કરી મોકલો… રાજી થઈ રજા આપો… એ તો અનંતનું સુધારવા જાય છે."

પછી તો હરિબા હોંશે-હોંશે કંસાર કરવા લાગ્યાં. અને તે દરમિયાન મુક્તરાજે પિતાશ્રી પાસે બે ધોતિયાં માંગ્યાં અને મળ્યાં એટલે ઠાકોરજી જમાડ્યા વગર જ પોતે સાથેના પાર્ષદને લઈ ચાલી નીકળ્યા. માતુશ્રીને આ બધી ખબર પડી એટલે એ તો પુત્રની પાછળ જઈ પાછા વાળવા બૂમો પાડવા લાગ્યા, "હીરા… ઊભો રહે, એ… હીરા, ઊભો રહે, બેટા તું ક્યાં જાય છે ?" પરંતુ અતિ દયાળુ એવા આ મુક્તરાજ જાણે કઠોર બન્યા હોય તેમ પાછું વળી જોયા સિવાય ઉતાવળે પગલે ચાલવા જ માંડ્યું. માતુશ્રી તો આ પ્રસંગથી શોકાતુર થઈ ગયાં અને ફળિયામાં જ બેભાન થઈ ઢળી પડ્યાં ને ફરી ભાનમાં આવતાં ચોધાર આંસુએ કલ્પાંત કરવા માંડ્યાં. જ્યારે આ



બાજુ મુક્તરાજ ગુરુ પાસે પહોંચી ગયા.

વિ.સં. ૧૯૫૧ના ચૈત્ર સુદ-૯ નો એ મહામંગળકારી દિવસ કે જે દિવસે સર્વોપરી ભગવાન સ્વામિનારાયણ આ બ્રહ્માંડમાં પ્રગટ થયા. એ જ દિવસે એ જ મહાપ્રભુના સંકલ્પ સમા મુક્તરાજે મહાદીક્ષા ગ્રહણ કરી અને "સાધુ કેશવપ્રિયદાસ" નામ ધારણ કર્યું.

## ગુરુની સેવામાં

ગુરુની રુચિમાં રહી ગુરુના રાજીપામાં જ રહેવા જાણે પોતે ટેવાયેલા હોય તે રીતે સ્વામીશ્રી (સદ્. મુનિ સ્વામી) ક્ષણે-ક્ષણે પોતાના ગુરુની રુચિને સાચવે ? જાણે ગુરુની રુચિ એ જ પોતાનું જીવન અને રાજીપો, એ જ સાચી મૂડી.

સ્વામીશ્રી પોતે ગુરુ-મોરલીમનોહરદાસજી સ્વામીની ભક્તિભાવથી એવી સેવા કરતા કે બીજું કોઈ એવી સેવા કરી જ ન શકે. ગરમ ગરમ ફુલકા રોટલી બનાવે ને રોટલી જરા પણ દાઝવા ન દે અને જો દાઝે તો કોરેથી એટલી રોટલી કાઢી નાખે અને ગુરુને પીરસે. ગુરુને રાજી કરવાનો કેવો આગ્રહ !

ગુરુના ચરણ દાબે, ધોતિયાં ધોવે, સૂકવે, પૂજા પાથરે ને વળી કથા-કીર્તનમાં પણ પહેલાં અને આમ અનન્યભાવે સેવા કરી ગુરુને રાજી કરી લીધા.

પોતાના શિષ્યને સંસ્કૃત ભણાવી ઉત્તમ કથાકાર કરવાની ગુરુની મરજી જાણી પોતે સંસ્કૃત ભણ્યા અને ટૂંક સમયમાં "પુરાણી" પદ પ્રાપ્ત કર્યું.

આમ, સ્વામીશ્રીએ અમદાવાદ મંદિરમાં રહી તેમજ ગુરુની સાથે ગામડે રહી ગુરુની પાસે સંસ્કૃત વિદ્યાભ્યાસ કર્યો ને સત્સંગી ભૂષણ, સત્સંગી જીવન, શિક્ષાપત્રી ભાષ્ય, રામાનુજ ભાષ્ય આદિ સંસ્કૃત ગ્રંથોની ગુરુની સાન્નિધ્યમાં રહી કથા કરતા અને ગુરુના સેવા-સમાગમનો લાભ લેતા રહ્યા. અને હા, શ્રીજીમહારાજની વાણી 'ગ્રંથરાજ વચનામૃત' તો જાણે બધાં કંઠસ્થ જોઈ લ્યો…

આમ, વર્ષો સુધી ગુરુની સેવામાં રહી ગુરુનો રાજીપો લેવાની સૌને લટક શીખવાડી.

## બાપાશ્રી સાથે પ્રથમ મેળાપ

સંવત ૧૯૫૫(અષાઢી વર્ષ પ્રમાણે ૧૯૫૬)માં સ્વામી મોરલીમનોહરદાસજીને જયપુર જવાનો પ્રસંગ બનેલો. ત્યારે મુનિ સ્વામી પણ ગુરુની સાથે જ હતા. જયપુરના ત્રિકમજીભાઈ ઝવેરી સારા સત્સંગી હતા. અને સંતો તેમને ત્યાં ઊતર્યા હતા.

આ દિવસોમાં જ્યારે મુનિ સ્વામી બહાર ખેતરે નહાવા જાય ત્યારે એવો સંકલ્પ રહેતો કે, આપણે તો ધ્યાન કરીને મૂર્તિ સિદ્ધ કરવી અને એટલે પોતે નાહીને બપોરે બે વાગે ધ્યાનમાં બેસી જતા તે સાંજના પાંચ વાગ્યા સુધી ધ્યાન કરતા.

આ અરસામાં વૃષપુર નિવાસી બાપાશ્રી સંઘ લઈ છપૈયે જવા નીકળેલા અને અમદાવાદ પધાર્યા ત્યારે આચાર્યશ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજે બાપાશ્રીને જયપુરમાં સંતો હોવાથી એકાદ રાત રોકાવા અને સૌને લાભ આપવા પ્રાર્થના કરી અને જયપુર ખાતે ત્રિકમજીભાઈ પર તુરત તાર કરાવી બાપાશ્રીના પધારવાના સમાચાર પહોંચાડી સર્વે વ્યવસ્થા કરાવી દીધી.

કચ્છના પ્રસિદ્ધ એવા સ્વતંત્ર સમાધિનિષ્ઠ અબજીબાપાશ્રી પોતે પધારે છે એવા સમાચાર મળતાં સંતો પણ મોટાપુરુષ જાણી બાપાશ્રીને લેવા સ્ટેશને ગયા અને બાપાશ્રી પધારતાં દંડવત્-દર્શન કરી સૌ આનંદ પામ્યા.

અને...

બાપાશ્રીના અલ્પ સમયના સહવાસમાં કોણ જાણે બાપાશ્રી પ્રત્યે મુનિ સ્વામીને અનેરું આકર્ષણ થવા માંડ્યું... પ્રથમ દર્શને જ તૃપ્તિનો ઓડકાર આવ્યો અને દર્શન, સ્પર્શ, સેવાનો લાભ મળતાં અંતરમાં આનંદ છવાઈ ગયો... પૂર્વની પ્રીત પ્રગટ થઈ ગઈ અને મુનિ સ્વામી દિવ્યાનંદમાં મહાલતા થઈ ગયા.



બાપાશ્રીના જયપુર ખાતેના રાત્રિ રોકાણમાં મુનિ સ્વામી કૃતાર્થતા અનુભવવા લાગ્યા અને એમાંય વળી,

જ્યારે...

મુનિ સ્વામી આદિ સંતો દિવાળીના અન્નકૂટ વખતે છપૈયા ગયા ત્યારે ત્યાં સંતો-ભક્તોએ બાપાશ્રીના પ્રૌઢ પ્રતાપની વાતો કરતાં કહ્યું કે, ''બાપાશ્રી જ્યારે અહીં પધાર્યા ત્યારે આકાશમાં તેજના ગોળારૂપે અનંત અવતારો બાપાશ્રીનાં દર્શન કરવા આવ્યા હતા અને બાપાશ્રીના ચરણમાં એ બધા તેજના ગોળા ભૂસો-ભૂસ પડીને પાછા આકાશમાં જતા રહેતા હતા.'' સાધુ શ્યામચરણદાસજી તથા બાળમુકુંદબાબુ, મથુરાપ્રસાદ, ભગવાનપ્રસાદ વગેરે ધર્મકુળના વિપ્રોએ આ વાત મુનિ સ્વામીને કરી હતી.

બાપાશ્રીના મહિમાની સંતો-ભક્તોના મુખ થકી આ વાત સાંભળી મુનિ સ્વામી તો ઘણા રાજી થયા અને હવે પોતાનું મન બાપાશ્રીનાં દર્શન-સમાગમ માટે અધીરું બન્યું. ત્યાં તો વળી, બાપાશ્રીની જોડ સમા સમર્થ સદ્ગુરુશ્રી વૃંદાવન સ્વામીશ્રીનો પોતાને યોગ થયો. અને એક દિવસ...

મુનિ સ્વામીએ સદ્. વૃંદાવનદાસજી સ્વામીને કહ્યું, ''દયાળુ ! અખંડ મૂર્તિ દેખાય અને મૂર્તિમાં જ જોડાયેલા રહેવાય એવો ઉપાય બતાવો.'' ત્યારે સદ્ગુરુશ્રીએ સહજમાં મૂર્તિના સુખે સુખિયા થવાનો એકમાત્ર સરળ ઉપાય બતાવતાં મુનિ સ્વામીને કહ્યું, ''સ્વામી ! વર્તમાનકાળે આ સત્સંગમાં શ્રીજીમહારાજ બાપાશ્રી દ્વારે વિચરે છે. અને અનેકને બાપાશ્રી સહજમાં મૂર્તિ આપી સુખિયા કરી મૂકે છે... બેય દેશના મોટા-મોટા સંતો પણ બાપાશ્રીનાં દર્શન-સમાગમ અને રાજીપા માટે આવે છે. માટે જો બાપાશ્રી રાજી થઈ જાય તો સહજમાં કામ થઈ જાય. માટે બાપાશ્રીને રાજી કરવાનો અને દર્શન-સમાગમનો ખપ રાખો તો બધું પાર પડી જાય.''

અને... સદ્ગુરુશ્રીનાં આ વચનો સાંભળી બાપાશ્રીનાં દર્શન-સમાગમની ઇચ્છા તીવ્ર બની...

સંવત ૧૯૫૭માં બાપાશ્રીનાં દર્શન-સમાગમનો મુનિ સ્વામીનો સંકલ્પ પૂરો થયો અને પોતાના ગુરુની સાથે સૌ પ્રથમવાર કચ્છમાં જવાનું થયું.

થોડા દિવસ ભૂજ રહી સૌ સંતો સાથે પોતે બળદિયા પહોંચી ગયા અને બાપાશ્રીનાં દર્શન થતાં દંડવત્ કરી મળ્યા અને બાપાશ્રીનાં દર્શન-સેવા-સમાગમ માટે પ્રીતિ-અનુવૃત્તિથી જોડાઈ ગયા.

બાપાશ્રી પણ સંતોને પોતાના જાણી નિત્ય નવીન-નવીન વાતો કરતા અને દર્શન-સેવા-સમાગમનું સુખ આપતા. વળી બાપાશ્રી સૌની પર રાજીપો જણાવી કયારેક મળે, હાર પહેરાવે, ચંદન ચર્ચે, સેવા અંગીકાર કરે, પ્રશ્નો પૂછે, ઉત્તર કરે; તો વળી રમૂજ કરે, હસે-હસાવે અને સૌને સુખ પમાડે... અને આવા દિવ્ય જ્ઞાનસાગરમાં મુનિ સ્વામીશ્રી નહાવા લાગ્યા.

આમ, થોડા દિવસના સાન્નિધ્યમાં બાપાશ્રીની સાથે આગવી પ્રીતિથી પોતે જોડાઈ ગયા. જાણે પોતાને જીવન મળી ગયું.

થોડા દિવસના કચ્છના રોકાણ બાદ સૌ સંતો સાથે મુનિ સ્વામીશ્રી અમદાવાદ આવવા પાછા ફર્યા અને હળવદ રોકાયા હતા... ત્યારે... બાપાશ્રીએ આપેલાં દર્શન-સમાગમના સુખનો જ આલોચ, અને એનું જ મનન-ચિંતવન... અહોભાવ વર્ત્યા કરે... અને એ જ દિવસે રાત્રે પોતે પોઢ્યા ત્યારે સ્વપ્નમાં “શ્રીજીમહારાજે તેજ-તેજના અંબારમાં દિવ્યદર્શન દેવા માંડ્યાં... દિવ્યસ્વરૂપ સુખના ધામ મનોહર મૂર્તિ મહાપ્રભુ ભગવાન સ્વામિનારાયણની સાથે બાપાશ્રીનાં પણ દર્શન થયાં અને એ દિવ્ય સ્વરૂપોમાં ગરકાવ થઈ ગયાં; ત્યાં તો બાપાશ્રી શ્રીજીમહારાજની મૂર્તિમાં લીન થઈ ગયા અને રહ્યા એકમાત્ર મહારાજ...”

પ્રાતઃ થયું અને રાત્રિના દિવ્યદર્શનનો અહોભાવ બાપાશ્રી પ્રત્યે આત્મબુદ્ધિ તરફ ખેંચી ગયો અને બાપાશ્રી પ્રત્યે દિવ્યભાવ અને આત્મબુદ્ધિનો દૃઢાવ થઈ ગયો. (નોંધ :- મહારાજ અને મુક્ત જ્યારે આ લોકમાં પધારે ત્યારે ધારણ કરેલું નરનાટક... જગતના જીવ જેવું જ હોય...



માટે અવરભાવમાં એવું કહેવાય, બોલાય, લખાય કે દિવ્યભાવ-આત્મબુદ્ધિનો દૃઢાવ થયો... પણ એ તો દિવ્યભાવ અને આત્મબુદ્ધિનું સાક્ષાત્ સ્વરૂપ છે. એમને કાંઈ દૃઢાવ કરવાની જરૂરનથી... એ તો અનંતને આ વાતનો દૃઢાવ કરાવવા પધાર્યા હતા.)

## મુનિ સ્વામી

સ્વામીશ્રીને ધ્યાનનો આગ્રહ ખૂબ હતો. પોતાનું જીવન ખૂબ જ પાછી વૃત્તિવાળું અને ભગવાનમય હતું.

મૂર્તિને ભૂલી કોઈ ક્રિયા કરવી નહીં... ક્રિયારૂપ ન થવું પરંતુ મૂર્તિરૂપ થઈ અખંડ મૂર્તિમાં રહેવાય એ જ ખરું કરવાનું છે. આ વાતને લક્ષમાં રાખી સ્વામીશ્રી વિચરતા અને જોગમાં આવનારને પણ અનુભવ થાય કે, “આ તો મૂર્તિરૂપ છે... મહારાજ કાર્ય કરે છે.”

સ્વામીશ્રીનો ધ્યાનનો આગ્રહ એટલો બધો કે રાત્રે બધાની સાથે પોઢી



જાય. પરંતુ થોડીક વાર થાય ત્યાં તો પોતે જાગી જાય એટલે નેત્ર બંધ કરી સ્વસ્તિક આસન વાળી ધ્યાનમાં બેસી જાય. એવા ઊંડા ઊતરી જાય કે સ્થળ, કાળ અને દેહનું પણ ભાન ન રહે... અડધી રાત્રે કોઈ સેવક ઊઠે તો સ્વામીશ્રીનાં કાયમ ધ્યાનસ્થ સ્થિતિમાં જ દર્શન થાય.

જ્યારે બાપાશ્રી પોઢ્યા હોય કે પૂજા કરતા હોય ત્યારે પોતે તો બહુધા ધ્યાનમાં જ બેસી જતા. એક વખત રાત્રે બાપાશ્રીની બાજુમાં સ્વામીશ્રી ધ્યાન કરતા બેઠા હતા અને અંધારું હતું. એવામાં બાપાશ્રી જાગ્યા અને લઘુ કરવા ઊઠ્યા. તે ચાલતાં અંધારામાં ખ્યાલ ન રહ્યો અને બાપાશ્રીનો ચરણ મુનિ સ્વામીને વાગ્યો (એટલે કે બાપાશ્રીને ઠેબુ આવ્યુ) ત્યારે બાપાશ્રી કહે, ''કોણ છે ?'' તો મુનિ સ્વામી કરો. ''બાપા ! આ તો હું, પુરાણી.''

બાપાશ્રી કહે, ''અહોહોહો... પુરાણી ! બચ્ચા ! હજી જાગો છો ? ધ્યાન કરો છો કે શું ? પોઢી જાવ, પોઢી જાવ.'' એમ કરી બાપાશ્રી ઉઘાડા શરીરે મળ્યા ને કહ્યું જે , ''તમારો આગ્રહ તો આગળના સંતો જેવો છે.''

ધ્યાને કરીને મૂર્તિમાં જોડાવું અને મૂર્તિમાં રહી મૂર્તિમાં મહાલવું એવી અલૌકિક સ્થિતિ અને મૌન રહેનારા-ઓછાબોલા આ સ્વામીશ્રીને બાપાશ્રી ''મુનિ'' કહી બોલાવતા.

એક દિવસ બાપાશ્રીએ પુરાણીને પૂછ્યું, '' મુનિ એટલે શું ?'' ત્યારે તેનો ઉત્તર કરતાં બાપાશ્રી પોતે બોલ્યા જે,

''કૃપાળુ બોલ્યા હેતમાં વાણી,
મૂર્તિ નામની શું છે એંધાણી;
એમ કરીને પોતે જ બોલ્યા
નેત્ર મીંચીને ધ્યાનમાં ડોલ્યા.
પછી બોલ્યા દયા અતિ લાવી,
મુનિ સ્વામીને પાસે બોલાવી.
મૂરતિમાં રહો તેથી મુનિ,
તમારી સ્થિતિ જાણજો જૂની.
મુનિ સ્વામી મુન્થ સદા રહો,
પણ વાતો અલૌકિક કહો.''



બસ, ત્યારથી સત્સંગમાં સ્વામીશ્રી મુનિ સ્વામી તરીકે ઓળખાયા. હવેથી અહીં આ પુસ્તિકામાં પણ આપણે મુનિ સ્વામીશ્રીથી જ સંબોધીશું.

## બાપાશ્રીની કૃપાવર્ષા

વિ.સં.૧૯૬૭ની સાલમાં ભૂજ મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજ આદિ દેવ પધરાવ્યા ત્યારે સદ્.શ્રી વૃંદાવનદાસજી સ્વામીશ્રીની સાથે મુનિ સ્વામીને કચ્છમાં જવાનો પ્રસંગ બન્યો.

મૂર્તિપ્રતિષ્ઠાનો સમૈયો પૂરો કરી મુનિ સ્વામી સૌ સાથે વૃષપુર આવ્યા અને ફરી દર્શન-સેવા-સમાગમનો યોગ થતાં જાણે દિવ્યાનંદની હેલી શરૂ થઈ.

બાપાશ્રીનો અલૌકિક પ્રૌઢ પ્રતાપ અને અનંત કલ્યાણકારી ગુણોનાં સહેજે દર્શન થતાં મુનિ સ્વામીશ્રીએ નિશ્ચય કર્યો કે બાપાશ્રી તો શ્રીજીમહારાજના સંકલ્પમૂર્તિ છે અને મૂર્તિસુખના દાતા છે, બાપાશ્રીની પૂર્ણ કૃપા ઊતરે તો જ સુખિયા થવાય.

એક દિવસ બાપાશ્રી પ્રસન્ન થકા બિરાજમાન હતા અને સૌને અમૃતવાણીનો લાભ આપતા હતા ત્યારે કથાવાર્તાની પૂર્ણાહુતિ થઈ અને મુનિ સ્વામી આદિ સંતોએ બાપાશ્રીને પ્રાર્થના કરી કે, ''બાપા ! આપ સદાય અમારી ભેળા રહેજો, મહારાજની આજ્ઞામાં અખંડ વર્તાય અને... મૂર્તિ અખંડ દેખાય.'' ત્યારે બાપાશ્રીએ રાજી થઈ મુનિ સ્વામી આદિ સંતોને આશીર્વાદ આપ્યા.

સર્વે સંતો દંડવત્ દર્શન કરી ભૂજ ગયા અને મુનિ સ્વામી તો બાપાશ્રીના આશીર્વાદથી ધ્યાન કરવા લાગ્યા અને... બાપાશ્રીની પૂર્ણ કૃપા ઊતરી...

શ્રીજીમહારાજની મૂર્તિમાં ચિત્તનો નિરોધ થવા લાગ્યો... તેજ-તેજના અંબારમાં મહારાજનાં દર્શન થવા લાગ્યાં... પોતે તો મૂર્તિમાં જ છે અને સંકલ્પે મહારાજ દેખાય છે... મહારાજ જ છે... એવું દિવ્ય-અલૌકિક સુખ આવવા માંડ્યું અને ધ્યાનમાં કેટલો સમય વીતી જાય તેની ખબર જ ન રહે... કલાકો વીતી જાય... રાત્રે જુઓ ત્યારે પણ પોતે ધ્યાનમાં જ હોય અને દિવસે જુઓ તો સર્વે ક્રિયામાં જણાઈ આવે કે જાણે પોતે અખંડ મૂર્તિમાં નિમગ્ન ન હોય ? અને આ રીતે બાપાશ્રીએ મુનિ સ્વામીને અખંડ સુખિયા કરી દીધા...

## પગપાળા દર્શન

એક દિવસ રાત્રિનો સમય હતો અને મહારાજ તથા બાપાશ્રીને સંભારતાં મુનિ સ્વામીશ્રી પોઢ્યા અને ઘનશ્યામ મહારાજનાં દર્શન થવા માંડ્યાં. રંગમહોલના દિવ્યસ્વરૂપ મહાપ્રભુની સાથે બાપાશ્રીનાં પણ એવાં જ દર્શન થતાં આનંદ-આનંદ થઈ ગયો અને સવાર પડતાં પોતે લીમડાવાળા સદ્.પુરાણી હરિપ્રસાદદાસજીને આ વાત કરી. પછી તો બાપાશ્રીના મહિમાની-દિવ્યભાવની વાતો કરવા લાગ્યા અને એમ કરતાં કરતાં નક્કી કર્યું કે ‘‘હવે તો બસ, આપણે મૂર્તિના સુખે સુખિયા થવું છે અને બાપાશ્રીને રાજી કરી લેવા છે.’’ અને આવા શુભ સંકલ્પથી મુનિ સ્વામી, પુરાણી સ્વામી આદિ સંતો સાથે વિ.સં. ૧૯૬૯ના માઘ વદ ૧ ના રોજ પગે ચાલીને વૃષપુર પહોંચ્યા.

બાપાશ્રી તો લખાઈવાડીમાં પધાર્યા છે એવા સમાચાર મળતાં મુનિ સ્વામી લખાઈવાડીએ પધાર્યા અને દંડવત્-દર્શન કરી બાપાશ્રીને મળ્યા... બાપાશ્રી પણ મુનિ સ્વામીને જોતાં રાજી થઈ ગયા અને પગપાળા આવ્યા છે તે જાણી બાપાશ્રી બોલ્યા, ‘‘તમે અમદાવાદથી અહીં દર્શન કરવા આવ્યા તે સમાગમથી શાંતિ તો થાય પણ તમને જે લાભ થયો તેની તમને અત્યારે શું ખબર પડે ? એ તો જ્યારે અનુભવજ્ઞાન આપીને દિવ્યસ્વરૂપનાં દર્શન કરાવી શું ત્યારે જેમ છે તેમ અનુભવ થશે.’’



એક દિવસ બાપાશ્રીએ પ્રસાદીની કાચી કેરી આપી અને રાજીપો દર્શાવતાં કહ્યું, ‘‘આ કેરી જે જમશે તેનો આત્યંતિક મોક્ષ થશે.’’ એમ ત્રણ વાર બોલ્યા.

બાપાશ્રી આ રીતે નિત્ય નવીન દર્શન-પ્રસાદ અને આશીર્વાદ આપતા, તો વળી સમાગમનું સુખ પણ આપતા. મુનિ સ્વામી તો જાણે બાપાશ્રી પોતાનું જીવન હોય તેમ બાપાશ્રીના સાન્નિધ્યમાં રહેવાનો કોઈ પ્રસંગ ચૂકે જ નહીં અને ટાણે-ટાણે ટાણું ઓળખી બાપાશ્રીની અંગત સેવાનો પણ લાભ લઈ જ લે.

આમ કરતાં સંતો ૧૫ દિવસ રહ્યા અને ખૂબ સુખ માણ્યું... ત્યારે બાપાશ્રીએ મુનિ સ્વામીને કહ્યું, ‘‘સ્વામી, હવે તમે રામપુર થઈ નારણપુર જાવ અને સૌને સુખિયા કરો. અહીં બહુ રહ્યા... હરિભક્તો તમને સંભારે છે.’’ અને મુનિ સ્વામી આદિ સંતોએ બાપાશ્રીની આજ્ઞાને માથે ચડાવી ને નારણપુર આવ્યા. ને વળી એક દિવસ સૌ સંતો પોતાની પૂજા નારણપુર રાખી વૃષપુર દર્શને આવ્યા ત્યારે બાપાશ્રી બહુ રાજી થયા અને ચરણરજની પ્રસાદી કરી આપી ને મુનિ સ્વામી આદિ સંતોને બાથમાં ચાંપી મળ્યા અને આશીર્વાદ આપ્યા કે, ‘‘અમે સદાય તમારી ભેળા રહીશું.’’ પછી મુનિ સ્વામી આદિ સંતો ચાલીને નારણપુર જતા હતા તે જાણે રસ્તામાં ખબર જ ન પડે કે, ‘‘ક્યાં પગ મૂકીએ છીએ ?’’ એટલો બધો આનંદ-આનંદ થઈ ગયો.

વિ.સં. ૧૯૭૧માં વૃષપુરમાં બાપાશ્રીએ આરંભેલા યજ્ઞમાં મુનિ સ્વામીશ્રી તથા પુરાણી હરિપ્રસાદજી આદિ પાંચ સંતો ફરીથી પગપાળા અમદાવાદથી કચ્છમાં અગાઉથી બાપાશ્રીનાં દર્શન-સમાગમ માટે ગયા હતા ને બાપાશ્રીને દર્શન-સેવા-સમાગમથી પ્રસન્ન કર્યા હતા.


આમ, મુનિ સ્વામી બાપાશ્રીને રાજી કરવા પગપાળા ચાલીને બે વખત કચ્છમાં ગયા હતા.

## બાપાશ્રીની અંગત સેવા

સદ્ગુરુ મુનિ સ્વામી એટલે સેવાની મૂર્તિ.

બાપાશ્રીના સાન્નિધ્યમાં રહેવાનો જ્યારે-જ્યારે પ્રસંગ બને ત્યારે નાની-મોટી બાપાશ્રીની જે કાંઈ સેવા મળે તે સહર્ષ સ્વીકારી લે... સેવાની જાણે રાહ જોતા હોય-તક શોધતા હોય તેવું લાગે.

બાપાશ્રીને વિષે અપ્રતિમ પ્રીતિ અને દિવ્ય ભાવના કારણે ગૃહસ્થ હોવા છતાં એ વાતનો અખંડ દૃઢાવ વર્તતો હતો કે, “આ દિવ્ય સ્વરૂપ (બાપાશ્રી) મારા સુધી હોય જ ક્યાંથી ?... ક્યાં એ અને ક્યાં હું ?... એમનાં દર્શન, એમનો સ્પર્શ, એમની વાણી, એમનો સંબંધ... અને એમની આ સેવા મારા સુધી હોય જ ક્યાંથી ?...” એટલે જ ટાણે-ટાણે બાપાશ્રીની રુચિ-અરુચિ જાણી ભૂખ, તરસ, થાક, ઊંઘ-ઊજાગરાની પરવા કર્યા વગર





એકમાત્ર બાપાશ્રીના રાજીપા સામે દૃષ્ટિ રાખી પોતે અદનાય સેવક થઈને રહ્યા.

બાપાશ્રીને જગાડી દાતણ કરાવવું, ધોતીયું મૂકવુ, જળ ગરમ કરી આપવુ, સ્નાન કરાવવું, પૂજા પાથરવી, તિલક-ચાંદલો કરવો, હાથ ઝાલી બેઠા કરવા, ચરણ દાબવા, વગેરે સેવા (પોતાના સમગ્ર જીવનકાળ દરમિયાન) એટલા અહોભાવથી કરતા કે જેવી સેવા મૂળજી બ્રહ્મચારી મહારાજની કરતા હતા.

પોતે સ્વયં મૂર્તિના સુખે સુખિયા હોવા છતાં... મોટાપુરુષનો રાજીપો કેવી રીતે લેવો, રાજીપાનો કેવો આગ્રહ હોવો જોઈએ, મોટાપુરુષને વિષે દિવ્યભાવ કોને કહેવાય, આગવી પ્રીતિ કોને કહેવાય, સેવકભાવ કોને કહેવાય, સેવાની ભૂખ અને ગરજ કોને કહેવાય એવું દિવ્ય ભણતર, વગર ઉપદેશે અનંતને ભણાવવા જાણે પોતે પધાર્યા હોય તેવું જણાઈ આવે.

બાપાશ્રીનો રાજીપો લેવાનો એવો પ્રચંડ આગ્રહ કે “બસ, કયારે રાજી કરી લઉ ? શું કરું તો બાપા રાજી થાય ?” અને એટલે અનેક મનુષ્યચરિત્ર જોવા છતાં અને મનુષ્યભાવ દેખાડતા હોવા છતાં સદ્ગુરુ મુનિ સ્વામીશ્રીને બાપાશ્રીને વિષે કયારેય મનુષ્યભાવનો સંકલ્પ તો ન થયો (હોય જ શાનો ?) પરંતુ જે-જે જોગમાં આવ્યા તેના જીવમાં મહારાજ-બાપા પધરાવી દીધા.

“બાપાશ્રીની સેવા એટલે જાણે મૂર્તિસુખના મેવા” એવા ભાવથી-અહોભાવથી સેવા થવાનું કારણ હતું, મુનિ સ્વામીને બાપાશ્રી વિષે દિવ્યભાવનો દૃઢાવ.

સદ્ગુરુ મુનિ સ્વામી ઘણી વખત કહેતા કે, “બાપાશ્રીની સેવામાં કયારેય ભૂખ-તરસ, થાક-ઉજાગરો લાગે જ નહીં. વાયુ ભક્ષણ કરે અને ઊંધે માથે લટકે કે હજારો વર્ષ તપ કરે પણ “આ બાપો ન મળે !”

વિ.સં. ૧૯૭૨માં બાપાશ્રી છપૈયે જવા માટે નીકળ્યા હતા ત્યારનો પ્રસંગ છે.

સદ્‌ગુરુ મુનિ સ્વામી પણ બાપાશ્રીની સાથે જ હતા.

એ જમાનામાં વાહનોની બહુ સગવડ નહોતી એટલે પગપાળા બધે ફરવું પડે.

બાપાશ્રી, મૂળી થઈને લીલાપુર, સેડલા તથા બજાણા આદિ ગામોમાં વિચરણ કરતાં-કરતાં અનેકને સુખિયા કરતાં અને પ્રેમી ભક્તોના મનોરથ પૂરા કરતાં જ્યારે પાટડી પધાર્યા ત્યારે ત્રણ દિવસ થયા.

પગપાળા ચાલવાનું અને એમાંય વળી બાપાશ્રીની (અવરભાવની દૃષ્ટિએ) વૃદ્ધાવસ્થા એટલે ચાલવામાં તકલીફ પડે... જમાડવાનું-પોઢવાનું વહેલું-મોડું થાય... છતાં મુનિ સ્વામી પોતે બાપાશ્રીનો પડછાયો બની અખંડ જોડે રહેતા અને પોતાના દૈહિક સુખની પરવા કર્યા સિવાય એકમાત્ર બાપાશ્રી સામે દૃષ્ટિ રાખી ભાર-ભીડો અને તકલીફ શાની ? એવા ભાવથી સેવા કરતા રહ્યા અને સૌથી વહેલા જાગવાનું-મોડા પોઢવાનું, તેમાંય વળી બધાને જમાડીને જમવાનું... શરીર ક્યાંથી ખમે ? એમ કરતાં જ્યારે પાટડી પધાર્યા ત્યારે મુનિ સ્વામીશ્રીને ૩-૩ દિવસ અને રાતના અખંડ ઉજાગરા. એક મટકું પણ નહીં મારેલું... સેવાનો કેવો આગ્રહ ? રાજીપાની કેવી ભૂખ ? સ્વસુખ તરફ દૃષ્ટિ જ નહીં... દૈહિક સુખની તો પરવા જ નહીં... બસ, બાપાની શું મરજી છે ? એમને તકલીફ તો નહીં પડે ને ? મને ભલે પોઢવા ન મળે... પણ બાપા પોઢે છે ને ? બસ, એમનું સુખ એ મારું સુખ... "મારે એમને રાજી કરી જ લેવા છે."

દિવ્યસ્વરૂપ બાપાશ્રીથી આ વાત અજાણી થોડી હતી ? અને ચોથા દિવસે જ્યારે બાપાશ્રી પાટડી પધાર્યા ત્યારે બાપાશ્રીએ કહ્યું, "મુનિ ! પોઢો... તમે બહુ ઉજાગરા કર્યા હો... તમે અમારી બહુ સેવા કરો છો... અમે તમને મહારાજ પાસે બહુ મોટી મોજ અપાવીશું..."



પાટડીમાં પ.ભ. કાળીદાસભાઈના જૂના ઘેર મેડા ઉપર બાપાશ્રીનો ઉતારો રાખ્યો હતો. સવાર થઈ અને નિત્ય ક્રિયા કરી સૌ પરવારવા લાગ્યા ત્યારે મુનિ સ્વામીએ તો (ચોથા દિવસે) થોડો આરામ કર્યો - ન કર્યો અને વહેલા જાગી પૂજા કરી, પરવારી બાપાશ્રીની સેવામાં જોડાઈ ગયા અને બાપાશ્રી દાતણ તથા શૌચવિધિ કરી પધાર્યા ને મેડીના દાદર(સીડી)નું ઢાંકણ વાળી તે પર બાપાશ્રીને પધરાવી શીતળ જળે ચોળી-ચોળી સ્નાન કરાવવા લાગ્યા.

બાપાશ્રી પાટડીથી વિરમગામ થઈ જેતલપુર પધાર્યા ત્યારે એક દિવસ બાપાશ્રી સભામંડપમાં બિરાજતા હતા અને સૌને પોતાની દિવ્યવાણીનું સુ ખ આપતા હતા ત્યારે કથાની પૂર્ણાહુતિ બાદ બાપાશ્રીની મરજી જાણી



પોતે જળસેવાની તક ઝડપી લીધી અને જળ લાવી બાપાશ્રીને આપ્યું ત્યારે બાપાશ્રી કહે, ‘‘સ્વામી ! તમે જળ લાવ્યા ?... લાવો ત્યારે... તમારા હાથનું આ જળ ક્યાંથી ?...’’ એમ કહી બાપાશ્રીએ જળ લીધું પણ સભામાંથી ઊભા થઈ કઠેડે આવી જળ ધરાવ્યું. ત્યારે બાપાશ્રીએ આ નવીન ચરિત્ર કર્યું. તે જોઈ મુનિ સ્વામીએ પૂછયું, ‘‘બાપા ! આમ કેમ ?’’ ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ‘‘સભામાં મોદ સળંગ હતી ને તેમાં કોઈ અભરુ માણસ હોય માટે ન પીધું.’’

## બાપાશ્રીનું અંતર્યામીપણું

એક વખત બાપાશ્રી ચરણથી માંડી મસ્તક સુધી ગોદડી ઓઢીને પોઢ્યા હતા અને તે સમયે અડાલજ રહેતા સદ્. શ્રી ઘનશ્યામચરણદાસજી સ્વામી દર્શને આવેલા. તે બાપાશ્રીનાં દર્શન કરી ચરણની સેવા કરવા લાગ્યા. એવામાં સદ્ગુરુ મુનિ સ્વામીશ્રી પણ આવ્યા અને બાપાશ્રીના ચરણ દાબવાની સેવામાં લાગી ગયાં અને હળવા હાથે બાપાના ચરણ દાબવા માંડ્યા. અને મુનિ સ્વામીનો સ્પર્શ થતાં જ, મુખારવિંદ પર ઓઢીને સૂતેલા બાપાશ્રી બોલ્યા, ‘‘પુરાણી ! અમારા પગના આંગળામાં ધૂળ પેસી ગઈ છે તે જરા કાઢો ને.’’

બાપાશ્રીનું કેવું અંતર્યામીપણું ! અને બાપાશ્રી તો મુખારવિંદ ઢાંકી પોઢેલા હોવા છતાં અંતર્યામીપણે પોતાને નામ દઈ બોલાવતા-સેવા દેખાડતા. બાપાશ્રીની પોતાની ઉપર થયેલી આ કૃપા અને મળેલી સેવાથી રાજી થઈ ગયાં. અને બાપાશ્રીના ચરણમાં આંગળા વચ્ચે ભરાયેલી ધૂળ કાઢી સાફ કરી અને એ દિવ્ય ચરણરજને મસ્તકે ચડાવી.

સદ્. પુરાણી ઘનશ્યામચરણદાસજી સ્વામી, આ જોઈ મુનિ સ્વામીને કહેવા લાગ્યા, ‘‘સ્વામી ! બાપાશ્રી અંતર્યામી લાગે છે, નહિતર આમ ન બને. મુખારવિંદ ઢાંકેલું હોવા છતાં તમને નામ દઈ બોલાવ્યા... તમે ખરેખર




બાપાને રાજી કરી લીધા...’’

## બાપાશ્રીની સેવામાં

બાપાશ્રી ઘણીવાર સંતોને કહેતા કે ‘‘સાધુ તો ઘણાય. પણ અમે એવા સાધુને જોડે રાખ્યા છે કે બધેય ચાલે.’’

બાપાશ્રી જ્યારે વહેલી પરોઢે જાગે ત્યારે મુનિ સ્વામી હાજર જ



હોય...બાપાશ્રી સ્નાન કરી ધોતી ધારણ કરે ત્યાં તો પોતે પૂજા પાથરી દે... પૂજાનાં વસ્ત્રો ધારણ કરી બાપા બિરાજે એટલે બાપાના વિશાળ ભાલમાં તિલક-ચાંદલો કરે... અને બાપા માનસીપૂજા કરી પૂજા કરે ત્યાં સુધી પોતે ધ્યાન કરે... બાપા પૂજા કરી ઊભા થાય એટલે વળી પાછી પૂજા વાળી લઈ લે અને ઉઘાડા શરીરે બાપા બાથમાં ઘાલી મળે અને રાજીપો દર્શાવે...

બાપાશ્રીની સાથે... મહારાજની પણ એવી જ સેવા કરવાની... મહારાજને જગાડવા-પોઢાડવા-આરતી-થાળ-રસોઈ બનાવવી વગેરે સેવા

તો હોય જ.

અને વળી, બાપાશ્રી કહે, ''પુરાણી, કથા મચાવો... બ્રહ્મરસ વરસાવો...'' અને મુનિ સ્વામી બાપાને રાજી કરવા કથા પણ કરે.

આમ, વિવિધ પ્રકારે દિવ્યભાવે બાપાશ્રીની સેવા કરી બાપાને રાજી કરી લીધા... ક્યારેક મહારાજ માટે થાળ સારો બનાવ્યો હોય તો બાપાશ્રી માટે અચૂક પ્રસાદી રાખે... બાપાને હેત કરી બેસાડે... થાળી પીરસે... પવન નાખે... અને જમાડે... બાપાશ્રી પણ મુનિ સ્વામીની આ સેવાભાવના જોઈ એમને વશ વર્તે અને રાજી થકા સેવાને અંગીકાર કરે.

ક્યારેક બાપાશ્રીના શરીરે ગરમી જણાતી હતી. એટલે શું કરીએ ? તો બાપાશ્રીને શરીરે ટાઢક થાય એવું વિચારી એક દિવસ મુનિ સ્વામીએ દહીંનો વાડકો તૈયાર કર્યો અને મહારાજને ધરાવી બાપાશ્રી પાસે જઈ વિનય વચને





બોલ્યા, ''બાપા ! આપના શરીરે ગરમી જણાય છે તો આ દહીં ધરાવો, જરા.'' અને,

''પ્રેમી જનને વશ પાતળિયો, શ્યામ સુંદર સુખકારી રે.''

પ્રેમપાશથી સદાને માટે બંધાયેલા બાપાશ્રીએ રાજી થકા દહીંનો વાડકો હાથમાં લીધો અને અંગીકાર કર્યું. ત્યારે દહીં ધરાવી બાપાશ્રી મુનિ સ્વામી પ્રત્યે બોલ્યા જે, ''પુરાણી ! તમે અમને દહીં-દૂધ જમાડો છો તેને બદલે અમે તમને મૂર્તિનું દિવ્ય અલૌકિક સુખ જમાડીશું.'' એમ કરી સ્વામીશ્રી પર પ્રસન્નતા જણાવી માથે હાથ મૂક્યા.

સદ્.મુનિ સ્વામીશ્રી ભૂજમાં હતા ને ઠાકોરજીની સેવા કરતા હતા ત્યારે એક દિવસ બાપાશ્રી ભૂજ દર્શન કરવા પધાર્યા.

બાપાનાં દર્શન થતાં મુનિ સ્વામી તો રાજી થઈ ગયા અને ઘણા દિવસથી બાપાશ્રીને જમાડવાની સેવા નહોતી મળી એટલે મહારાજ માટે થાળમાં પૂડલા બનાવ્યા ને બાપાશ્રીને પ્રાર્થના કરી. ''દયાળુ ! દયા કરી ભૂજ પધાર્યા છો, તો ઠાકોરજી જમાડીને જ જવાનું છે.'' અને બાપાશ્રીએ પ્રાર્થના મંજૂર રાખી... અને બાપાશ્રી ઠાકોરજી જમાડવા પધાર્યા.

બાપાશ્રી હસ્ત ધોઈ ઠાકોરજી જમાડવા બિરાજમાન થયા એટલે સ્વામીશ્રીએ પૂડલા પીરસ્યા. આ જોઈ બાપાશ્રી કહે, ''સ્વામી ! આ શું ?'' એમ કરી બાપાશ્રી હાથમાં પૂડલા લઈ જોવા લાગ્યા... ત્યારે સ્વામીશ્રી કહે, ''બાપા ! આ તો ચણાના લોટના રોટલા છે.'' ત્યારે બાપાશ્રી કહે, ''ચણાના લોટના ?'' અને બાપાશ્રીએ જમાડવા માંડ્યું તો ... સ્વામીશ્રી તો પીરસતા રહ્યા. પવન નાખતા રહ્યા અને, બાપાશ્રી તો તૃપ્ત થઈ હસ્ત ધોઈ જળ

ધરાવી ઊભા થયા એટલે ઉદર પર હસ્ત ફેરવતા બોલ્યા, "પુરાણી ! તમારા આગ્રહથી અને હેતથી અમે આજે મહારાજને બહુ જમાડ્યા... આના બદલામાં તમને શું આપીશું ?" અને સ્વામીશ્રી કહે, "બાપા ! રાજીપો ખપે."

આવી રીતે વિવિધ પ્રકારે મુનિ સ્વામીશ્રી બાપાશ્રીની સેવા કરતા અને રાજીપો મેળવતા. ક્યારેક પોતે ભૂજથી બળદિયા જાય ત્યારે બાપાશ્રી માટે હાર લઈ જાય અને પૂજન કરે ત્યારે બાપાશ્રી કહે, "સ્વામી ! આ હાર ક્યાંથી લાવ્યા ?" ત્યારે સ્વામીશ્રી કહેતા, "બાપા ! ભૂજના ઘનશ્યામ મહારાજે આપના માટે આ પ્રસાદીનો હાર મોકલ્યો છે."

## ભૂજમાં નિવાસ

"ચંદ્રને જો નીરખે ના એક પલ ચકોરી,
ત્યજી દે એ પ્રાણને વિયોગે ઝૂરી ઝૂરી;
અદ્‌ભુત આ બંધન છે ના ભુલાય એવું,
ચંદ્ર ને ચકોરીની પ્રીતડીના જેવું..."

કવિએ આ પંક્તિમાં ચકોર પક્ષીને ચંદ્રની સાથે કેટલું હેત છે તેનું વર્ણન કરતાં કહ્યું છે કે, "ચકોર ચંદ્રને જોઈને જ જીવે છે. ચંદ્ર ઉદય થતાં અને દર્શન થતાં અંતરમાં ટાઢું-ટાઢું થાય છે અને આ ચકોર ચંદ્રને નીરખ્યા જ કરે, નીરખ્યા જ કરે... પણ જો ચંદ્રનાં દર્શન ન થાય તો પોતે પોતાના પ્રાણનો પણ ત્યાગ કરી દે છે.

એમ ચંદ્ર ને ચકોરના દૃષ્ટાંતથી આપણે એ સમજવાનું કે હેત કરવા જેવા તો એક હરિવર અને તેમના મુક્ત છે. મહારાજ અને મોટાપુરુષ સાથે જેણે આત્મબુદ્ધિ કરી હોય તે દર્શન, સ્પર્શ, સેવા,



સમાગમ વગર રહી જ ન શકે... દેહે કરીને હજારો ગાઉ દૂર રહેવાનું થાય તો પણ એ જ આલોચ હોય કે "ક્યારે એમનાં (મહારાજ અને મોટાપુરુષનાં) દર્શન થાય ?... ક્યારે એમનો સ્પર્શ થાય ?... ક્યારે એમની સેવા મળે ?... ક્યારે એમની વાણી સાંભળવા મળે ?... ક્યારે એમની જોડે રહેવા મળે ?..." અને, "નાનું બાળક જેમ પોતાની માતાને છોડીને ક્યાંય જાય નહીં અને સદા તેનું સાન્નિધ્ય જ ઈચ્છે" એમ જયારે માતૃવત્સલ સ્નેહ મહારાજ અને મુક્તની સાથે થાય ત્યારે વગર દાખડે - વગર સાધને સર્વે સાધનની સમાપ્તિ થઈ જાણવી.

બાપાશ્રી કચ્છમાં બિરાજે અને મુનિ સ્વામીશ્રીને રહેવાનું અમદાવાદ... પોતાના ગુરુની સાથે; તો વળી ક્યારેક સદ્‌ગુરુ આદિ સંતોની સાથે એકાદ-બે વર્ષે જવાનો મેળ પડે...

ચકોર સમા આપણા સમર્થ સદ્‌ગુરુ મુનિ સ્વામીને બાપાશ્રીનાં દર્શન, સેવા, સમાગમ અને રાજીપાનો એવો આગ્રહ અને આલોચ કે ક્યારે કચ્છમાં જવાનું થાય ? અને ક્યારે બાપાનાં દર્શન, સેવા, સમાગમનો લાભ મળે ?.


અને, ક્યારેક પોતાને મળતા આ લાભને કાયમી કરવા ક્યારેક દિવ્યભાવે પ્રાર્થના પણ કરતા કે, "હે મહારાજ ! હે બાપા ! દયાળુ ! આપ દિવ્યસ્વરૂપ છો અને આ બ્રહ્માંડમાં દર્શન દાન દો છો અને સૌ સેવકોને સુખિયા કરો છો ત્યારે આ સેવકને પણ તમારી સેવામાં લઈ લ્યો... દયાળુ ! દયા કરી સદા તમારી સાથે રાખો અને નિત્ય નવીન - નવીન સુખ આપો... દયાળુ ! દયા કરો... દયા કરો... દયા કરો..."

અને શ્રીજીમહારાજે જાણે આ પ્રાર્થના સાંભળી હોય તેમ મહારાજની મરજીથી વિ.સં. ૧૯૭૩માં ભૂજના સંત સદ્.શ્રી વિજ્ઞાનદાસજી સ્વામી અમદાવાદ આવેલા અને તેમણે મુનિ સ્વામીને કહ્યું કે, "પુરાણી ! હાલ ભૂજ મંદિરમાં સંસ્કૃતમાં કથા કરનાર કોઈ

નથી, તો તમે ત્યાં આવો તો સારું... મંદિરમાં કથાવાર્તા કરજો, બીજા સંતોને સંસ્કૃત, કાવ્ય-પુરાણ ભણાવજો અને તમને બાપાશ્રીના સમાગમનો પણ લાભ મળશે.”

સદ્. શ્રી મુનિ સ્વામીને, તો “ભાવતું ’તું ને વૈદ્યે કીધું” એવું થયું. પણ વળી વિચાર આવ્યો કે “ભૂજ જવામાં બાપાશ્રીની મરજી હશે કે નહીં ?”

અને... એ જ રાત્રિએ બાપાશ્રીએ મુનિ સ્વામીશ્રીને સ્વપ્નમાં દર્શન



દઈને કહ્યું, “તમારી ઇચ્છા ભૂજ આવવાની છે ને ? ભલે ત્યારે ભૂજ આવો.. બે મહિના ભૂજ રહેજો અને બે મહિના અમારી સાથે રહેજો...

અને... કમાનમાંથી જેમ તીર છૂટે એમ ઉતાવળા હૈયે વહેલા-વહેલા મુનિ સ્વામી પોતે કાયમી નિવાસ કરવા ભૂજમાં આવી ગયા.

મુનિ સ્વામીશ્રીના ભૂજ પધાર્યા પછી એક દિવસ બાપાશ્રી પણ ભૂજ



પધાર્યા અને ભૂજના સંતોને ભેગા કરી કહ્યું, “આ પુરાણીને બે મહિના ભૂજમાં રહેવાનું અને બે મહિના અમારી સાથે વૃષપુરમાં રહેવાનું એવો ઠરાવ કરીને અમે તેમને લાવ્યા છીએ માટે સૌ સાનુકૂળ થજો.

આમ, બાપાશ્રીની કૃપાથી... બાપાશ્રીનાં દર્શન, સેવા, સમાગમનો લાભ લેવા માટેનો માર્ગ મોકળો-ખુલ્લો થઈ ગયો.

## બાપા પડી ગયા

એક દિવસ બાપાશ્રી ધનજી પટેલની ઘોડી પર બેસી ભૂજ પધાર્યા. ત્યારે બ્રહ્મચારી શ્રી નિર્ગુણાનંદજી તથા મુનિ સ્વામીશ્રી આદિ સર્વે સંતો-હરિભક્તો દર્શન કરી ઘણા રાજી થયા. તે સમયે બ્રહ્મચારી મહારાજે બાપાશ્રીને સુખ સમાચાર પૂછયા એટલે બાપાશ્રી બોલ્યા જે, “અમે ઘોડી પર બેસીને ભૂજ આવતા હતા તે રસ્તામાં જંગલી માખીઓ ઘોડીને વળગવાથી ઘોડીએ તો રેતીમાં આળોટવા માંડ્યું તેથી અમે પડી ગયા અને પગે એક



ગૂમડું થયું હતું તે ફૂટી ગયું. પછી તો ઘોડીનો પગ ઝાલીને અમે બેઠા થયા અને હળવે હળવે અહીં અવાણું.''

બાપાશ્રીના મુખે આ શબ્દો સાંભળી મુનિ સ્વામી તો વ્યથિત થઈ ગયા અને ઉતાવળા પગલે મેડી પર જઈ આસન પાથર્યું અને બાપાશ્રી પધાર્યા એટલે હળવે હાથે બાપાને વાગી ન જાય-દુખાય નહીં તેવી રીતે ધીરે-ધીરે ગરમ પાણીથી ગૂમડું ધોઈ નાખ્યું ને પોટીસ ગરમ કરીને બાંધી દીધી.

તે વખતે કણભાના આશાભાઈ ભૂજ આવ્યા ને બાપાશ્રીને પડી ગયાં જાણી પોકે પોકે રડવા લાગ્યા અને બોલ્યા જે, ''મૂઈ ઘોડી ! તેં તો તારા જીવતરનું બગાડ્યું...'' ત્યારે બાપાશ્રી કહે, ''એમાં તારું શું ગયું ? તને સેવા મળશે.''

અને આશાભાઈને (મુનિ સ્વામીને ઉદ્દેશીને) કહેવા લાગ્યા જે, ''જેમ ગંગામા જેતલપુરમાં શ્રીજીમહારાજની સેવા કરતાં હતાં તેમ આ સંત (મુનિ સ્વામી) અમારી સેવા કરે છે.''

કેવો રાજીપો !

વળી, વૃષપુરમાં પણ મુનિ સ્વામીશ્રી બાપાશ્રીને ઘણીવાર વહેલા થાળ કરીને જમાડતા ને ઊનું પાણી કરીને નવરાવતા ત્યારે બાપાશ્રી રાજી થઈ તેમના માથે પોતાના બન્ને હસ્ત મૂકી બોલતાં કે, ''આ તો અમારાં ગંગામા આવ્યાં.''

આમ, બાપાશ્રીનો મુનિ સ્વામી પર અતિશય રાજીપો હતો.

## બાપાશ્રીનો રાજીપો

એક વખત વૃષપુરમાં મોટી પારાયણ બેસાડવામાં આવી હતી. આ પારાયણમાં એક દિવસ સાંજે વક્તાનો સાદ બેસી જવાથી પારાયણ કોણ વાંચશે તે પ્રશ્ન થયો. ત્યારે બાપાશ્રીએ કહ્યું, ''આ પુરાણી કેશવપ્રિયદાસજી પારાયણ વાંચશે.''



ત્યારે બાપાશ્રીની મરજી જાણે પોતે સવારે અને સાંજે એમ બેય વખત કથા વાંચી તેથી બાપાશ્રી બહુ રાજી થયા અને બોલ્યા જે, ''અમારી વાડીએ બળદ છે તે ગાડે જોડે તો ગાડે ચાલે, સાંતીએ જોડે તો પણ ચાલે ને કોશે જોડે તો પણ ચાલે, એવા સોજા સરળ છે. તેમ આ સંત (મુનિ સ્વામી) અમારે બહુ કામ આવે છે. ભૂજ જઈએ તો ત્યાં અમને થાળ કરીને જમાડે, આસન પાથરી દે. સત્સંગના વ્યવહારમાં પણ કામમાં આવે. વળી કથા-પારાયણમાં પણ કામ આવે છે.'' એમ કહીને વળી બોલ્યા જે, ''અહો ! આ તો અમારે મૂળીમાં સદ્. બ્રહ્માનંદ સ્વામીના ઘંટે ચાલવાનો વૃષભ.''

એક વખત કચ્છના રામપુર ગામે મોટો યજ્ઞ હતો. તે વખતે મુનિ સ્વામીશ્રીનો કથા વાંચતાં-વાંચતાં સાદ બેસી ગયો. બાપાશ્રી પણ ત્યાં જ



હતા.

ત્યારે, બાપાશ્રી રોજ બાઈઓના મંદિરમાંથી સાકર-ઈલાયચી નાખેલું ઊનું દૂધ મુનિ સ્વામી સારુ લઈ આવતા. આથી એક દિવસ મુનિ સ્વામીએ બાપાશ્રીને કહ્યું, ''બાપા ! આપ આ દાખડો શા માટે કરો છો ? દૂધ તો બીજા ઘણાંય લાવશે.'' ત્યારે બાપાશ્રી કહે, ''સ્વામી ! તમારે એવી ચિંતા ન કરવી. તમારા જેવા સાધુ સારુ તો ૧૦૦-૨૦૦ રૂપિયાનું અમે ખર્ચ કરી નાખીએ... તોય ઓછું છે.'' એમ મુનિ સ્વામી પર અત્યંત રાજીપો જણાવ્યો.

એક દિવસ વૃષપુરના મંદિરમાં સવારની સભામાં સ્વામીશ્રી ઈશ્વરચરણદાસજી, સ્વામીશ્રી વૃંદાવનદાસજી તથા સ્વામીશ્રી ઘનશ્યામજીવનદાસજી આદિ મોટા-મોટા સદ્‌ગુરુઓની સભા બેઠી હતી અને બાપાશ્રી પણ ગાદી-તકિયે સભામાં બિરાજમાન હતા.

સદ્.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીશ્રી સૌને કથાવાર્તાનું સુખ આપી રહ્યા હતાં. પરંતુ સદ્‌ગુરુશ્રીની તબિયત બરાબર ન હોવાથી વારંવાર ઉધરસ આવતી હતી. તેથી બાપાશ્રી સભામાંથી ઊભા થયા ને સંતો એક લાઇનમાં ન સમાવવાથી આગળ-પાછળ બેઠા હતા. તેમાં મુનિ સ્વામીશ્રી બીજી લાઈનમાં પાછળ બેઠા હતા. તેમનો હાથ ઝાલીને આગલી પંક્તિમાં બાપાશ્રીએ બેસાડ્યા ને કહ્યું કે વાતો કરો.

ત્યારે બાપાશ્રીની આ આજ્ઞા થતાં સ્વામીશ્રી આગળ બેઠા તો ખરા, પણ મોટા-મોટા સદ્‌ગુરુઓની આગળ શી વાત કરવી ? એમ સંકોચાવા લાગ્યા ને ઘડીક બોલ્યા નહીં. ત્યારે બાપાશ્રી કહે, ''પુરાણી ! પેલી કોયલની વાત કરો.'' પછી મુનિ સ્વામીશ્રીએ એક કલાક સુધી વાતો કરી.

કથા પૂરી થતાં મુનિ સ્વામીશ્રીની વાતો સાંભળી બાપાશ્રી મોટા સદ્‌ગુરુઓ પ્રત્યે બોલ્યા જે, ''તમારા દેશમાં તમે મોટા-મોટા હાથી જેવા સાધુ છો ને અમે તો અહીં કચ્છમાં આ એક ફોદા (છાશમાં માખણ) જેવા સાધુ રાખ્યા છે. એમ કહી બહુ રાજી થયા અને બાપાશ્રીની પ્રસન્નતાના કારણે સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી આદિ સૌ સંતો પણ રાજી થયા.



અનાદિમુક્ત શ્રી સોમચંદભાઈ રચિત બાપાશ્રીના જીવનચરિત્રમાં પણ મુનિ સ્વામીશ્રી વિષે લખ્યું છે કે, ''બાપાશ્રી, મુનિ સ્વામીને ઘડી-ઘડી બોલાવે, સામું જોઈ રહે, માથે હાથ મૂકે, હાર પહેરાવે.'' તો વળી ''મુનિબાવા કથા મચાવો.'' એમ ઘેરે સાદે બોલે ને સદ્‌ગુરુઓને કહે, ''સ્વામી ! આ પુરાણી બાવો ખરેખરાં છે.''

બાપાશ્રીની આવી પ્રસન્નતાનું કારણ હતું સાધુતા અને બાપાશ્રીની સાથે દિવ્યભાવ સોતું હેત-આત્મબુદ્ધિ અને એટલે જ જ્યારે બાપાશ્રી વાતો કરતા હોય ત્યારે પોતે જાણે અમૃતરસનું પાન કરતા હોય એવી ત્વરા જણાવતા.

જ્યારે કથાવાર્તા બંધ હોય ત્યારે વધુ તો પોતે ધ્યાનમાં જ બેસી રહે, કાં સેવા કરે... અને એટલે જ બાપાશ્રીની કૃપાના પાત્ર હતા અને બાપાશ્રી પણ રાજી થઈ પ્રસન્નતારૂપ દિવ્ય મોજ આપતા.

## આત્મબુદ્ધિ

એક દિવસ બાપાશ્રી મંદિરની ઓસરીમાં પોઢેલા ને ટાઢ બહુ હતી. બાપાશ્રીએ માત્ર એક પાતળી ગોદડી જ ઓઢી હતી. તેથી મુનિ સ્વામીએ વિચાર્યું જે બાપાશ્રીને ઠંડી લાગશે...એમ જાણી બીજું ગોદડું ઓઢાડવા આવ્યા. ત્યારે પોતે બેઠા થઈ ગયા અને કહ્યું, ''પુરાણી ! બીજું ગોદડું ન ખપે.''

ત્યારે સ્વામીશ્રી કહે, ''બાપા, ટાઢ બહુ છે, લ્યોને !'' એમ કરી પોતે બાપાશ્રીને ગોદડું ઓઢાડ્યું. ત્યારે, બાપાશ્રીએ પગે કરી ગોદડું ઠેલી નાખ્યું ને કહેવા લાગ્યા, ''આપણા ભગવાન શું કરતા ? શિયાળે જળમાં બેસતા

અને ઉનાળે ઊની રેતીમાં સૂતા. તો વળી ચોમાસામાં મુશળધાર વરસાદની ધારાઓ સહન કરતા.''

ત્યારે મુનિ સ્વામીશ્રી પણ ''જાણીને ઠંડી-ગરમી સહન કરવાનો લક્ષ રાખવો'' એવી બાપાશ્રીની મરજી જાણીને અને બાપાશ્રી પણ ઠંડી સહન કરતાં જોઈ પોતે પણ ત્યાં જ ઓસરીમાં ઠંડીમાં સૂઈ ગયા.

આ જોઈ બાપાશ્રીએ તેમને માંડ-માંડ ઉઠાડ્યા અને મંદિરમાં પોઢવા કહ્યું.

આમ, બાપાશ્રીના દુઃખે દુઃખી અને સુખે સુખી થતા.

## ગુરુનો મોક્ષ કરાવ્યો

પોતાના ગુરુ, સ્વામીશ્રી મોરલીમનોહરદાસજી સ્વધર્મનિષ્ઠ અને ભગવત્પરાયણ હતા અને બાપાશ્રી પ્રત્યે મહિમા પણ હતો. ગુરુની વૃદ્ધાવસ્થા થતાં મુનિ સ્વામીશ્રીએ એક દિવસ બાપાશ્રીને પ્રાર્થના કરી કે, ''બાપા ! દયા કરીને અમારા ગુરુનું પૂરું કરી દેજો ને ટાણું આવે ત્યારે ઠેઠ મૂર્તિના સુખમાં મૂકી દેજો.

ત્યારે મુનિ સ્વામીશ્રીને વશ વર્તતા બાપાશ્રીએ પ્રાર્થનાનો સ્વીકાર કર્યો અને ટાણું આવ્યું ત્યારે, વિ.સં. ૧૯૭૩ના મહા વદ-અમાસના રોજ શ્રીજીમહારાજની સાથે દિવ્યદર્શન દઈ બાપાશ્રીએ તેમને દેહ પડાવી મૂર્તિના સુખમાં મૂકી દીધા.

અને, એક દિવસ બાપાશ્રીએ આ વાતને તાજી કરતાં મુનિ સ્વામીશ્રીને કહ્યું, ''પુરાણી ! તમારા ગુરુએ દેહ મૂક્યો ત્યારે અમે ત્યાં આવ્યા હતા ને ઠેઠ મૂર્તિના સુખમાં મૂકી દીધા છે.''

બાપાશ્રીનાં આ વચનો જાણી પોતે ઘણા રાજી થયા.

## મહિમાનું અપારપણું

એક દિવસ કોઈ મુમુક્ષુએ મુનિ સ્વામીશ્રીને પૂછયું, ''દયાળુ ! 



વર્તમાનકાળે બાપાશ્રી આ બ્રહ્માંડમાં પ્રગટ થયા અને અનંત જીવોનું કામ થઈ ગયું; નહીં ?''

ત્યારે મુનિ સ્વામીશ્રી કહે, ''કામ તો એનું થયું કે, જેણે બાપાશ્રીને ઓળખ્યા.''

શ્રીજીમહારાજના સંકલ્પથી બાપાશ્રી જયારે આ બ્રહ્માંડમાં પ્રગટ થયા ત્યારે ત્યાગી-ગૃહી અને બાઈ-ભાઈ સર્વેને લાભ મળે તે માટે બાપાશ્રી ગૃહસ્થાશ્રમમાં રહ્યા હતા અને વળી, પોતે કણબી જ્ઞાતિમાં પ્રગટ થયા હતા.

અને એટલે જ સદ્ગુરુ આદિ સંતો કહેતા કે, ''બાપાશ્રીને જે મુક્ત જાણશે તે ભક્ત થશે અને જેવા છે તેવા જાણશે તે મુક્ત થશે.''

બાપાશ્રીને યથાર્થ ઓળખનારા-જાણનારા આપણા સદ્ગુરુ મુનિ સ્વામીશ્રી પણ જોગમાં આવનારને આ વાત સમજાવતા કે, ''બાપા તો શ્રીજીમહારાજના સંકલ્પમૂર્તિ છે અને મહારાજ કે મુક્તને માથે જગતના જીવની જેમ જન્મ-મરણ નથી, નાત-જાત નથી અને જવું-આવવું પણ નથી. મહારાજ અને મુક્ત આપણને આપણા જેવા દેખાય છે એનું કારણ આપણો મનુષ્યભાવ, આપણી માયિક દૃષ્ટિ. મહારાજ અને મુક્ત તો સદા સાકાર, દિવ્ય-તેજોમય જ છે. જેવા મહારાજ દિવ્ય અને તેજોમય છે; મુક્ત પણ એવા જ દિવ્ય અને તેજોમય છે. વળી બાપાશ્રીએ આપણને સમજાવ્યું છે કે જેમ મહારાજ અનાદિ અને સ્વતંત્ર છે તેમ મુક્ત પણ અનાદિ અને સ્વતંત્ર છે. માટે મોટા મુક્તને વિષે ક્યારેય મનુષ્યભાવ ન પરઠવો. પાપના પોટલા ન બાંધવા. બાપાશ્રી તો ગૃહસ્થ પણ નથી અને કણબી પણ નથી. એ તો આલોકના ભાવ છે, જે ખોટા છે...''

પોતાના જોગમાં આવનાર સૌને મુનિ સ્વામીશ્રી આ વાત સમજાવતા અને કયારેક પ્રસંગોપાત્ દિવ્યભાવનો દઢાવ પણ સૌને કરાવતા.

## તાવ આવ્યો

મુનિ સ્વામીશ્રી વૃષપુરમાં બિરાજતા હતા ત્યારનો પ્રસંગ છે. સ્વામીશ્રીને એક વખત તાવ બહુ આવ્યો. તાવના કારણે અશક્તિ આવી અને શરીર પણ કૃષ થઈ ગયેલું. તાવ પણ ઊતરે નહીં. ત્યારે.....

મુનિ સ્વામી બાપાશ્રીને કહેવા લાગ્યા જે, “બાપા ! દયાળુ ! દયા કરી હવે આ સેવકને મહારાજની મૂર્તિના સુખમાં મૂકી દો. આ લોકમાં રહેવાની ઈચ્છા નથી.”

ત્યારે બાપાશ્રી કહે, “દાસના દુશ્મન, હરિ કદી હોય નહીં.” મહારાજ જે કરતા હશે તે ઠીક જ કરતા હશે. માટે આપણે તો બીજો કાંઈ સંકલ્પ કરવો નહીં અને મહારાજ તથા મોટાની જેમ મરજી હોય તેમ સદાય રાજી રહેવું.”

એમ કહી બાપાશ્રીએ પોતાના કંઠમાં ધારણ કરેલો હાર હતો તે ઉતારી મુનિ સ્વામીશ્રીને પહેરાવ્યો ને માથે હાથ મૂકી બોલ્યા જે “આપણે તો મહારાજને ઘડીએ મૂકવા નહીં”... અને તાવ ઊતરી ગયો.

વાસણા, અમદાવાદ-૭

મુનિ સ્વામીશ્રી એક વખત નળકંઠાનાં વિવિધ ગામોમાં વિચરણ કરતાં દદુકા પધારેલા.

સ્વામીશ્રીને સવારથી શરીરે કસર જણાતી હતી અને એમ કરતાં તો તાવ આવવા માંડ્યો. રહી ન શકાય એવો ભારે તાવ આવ્યો. સંતો-હરિભક્તો બધા મૂંઝાય કે આ શું ? સ્વામીશ્રીએ તાવ ગ્રહણ કર્યો તે બધાને કથાવાર્તાનો લાભ નહીં મળે.

ત્યાં તો અંતર્યામી એવા મુનિ સ્વામીશ્રી બોલ્યા જે, “ચિંતા ન કરશો, કથાટાણું થશે એટલે તાવ ઊતરી જશે.”




સાંજે સંધ્યા-આરતી થઈ અને સૌ ઠાકોરજી જમાડી કથામાં આવવા લાગ્યા, પરંતુ મુનિ સ્વામીશ્રીને તાવ જોઈ બધા દિલગીર થઈ જતા. સૌ દુ:ખી થઈ ગયા... પણ,

જ્યાં હરિભક્તો બધા આવી રહ્યા ત્યાં તો સ્વામીશ્રી આસનમાંથી બેઠા થઈ ગયા અને ધાબળી (જે ઓઢેલી હતી તે) શરીર પરથી તો ઉતારી ભેગી કરી (ડૂચો વાળી) ઓશીકા નીચે દબાવી દીધી અને કથા કરવા માંડ્યા.

શરીર ટાઢું થઈ ગયું... જાણે તાવ હતો જ નહીં...

પણ હરિભક્તોની દૃષ્ટિ વારંવાર... સ્વામીશ્રીની બાજુમાં ઓશીકા નીચે રાખેલી ધાબળી પર, અવારનવાર પડવા લાગી. કારણ કે ઓશીકું ઊંચું-નીચું થતું હતું...



મુનિ સ્વામીશ્રી બોલ્યા, “એ તો ધાબળીમાં તાવ મૂક્યો છે ને એટલે !” કથા પૂરી થઈ અને ધાબળી ઓઢી એટલે તાવ હતો એવો ને એવો

જ.

મંદવાડને ગ્રહણ કરવો કે રજા આપવી તે પણ પોતાના હાથમાં... આ જ મોટાપુરુષની દિવ્યતા-મોટપ.

## મંદવાડમાં સેવા

વિ.સં. ૧૯૭૪ માં બાપાશ્રીએ બહુ મોટો મંદવાડ ગ્રહણ કર્યો હતો. પોતે આ લોકમાંથી સંપૂર્ણ ઉદાસ થઈ ગયા હતા.

તે વખતે બ્રહ્મચારી, નિર્ગુણાનંદજી અને મુનિ સ્વામી આદિ સંતો તથા બાપાશ્રીના પુત્ર કાનજીભાઈ, મનજીભાઈ આદિ સર્વે દિલગીર થઈ ગયા ને નેત્રમાંથી આંસુ પડવા લાગ્યાં. ધીરજ રહી નહીં કારણ કે બાપા તો સૌના જીવનપ્રાણ છે... મહારાજ અને મુક્ત તો જીવનું જીવન છે. દેહને ચલાવવા જેમ શ્વાસની જરૂર છે એમ જીવાત્માને આલોક-પરલોકમાં સદાય સુખી રહેવા માટે પ્રભુને ગમે એવા દિવ્યપાત્ર થવા માટે, મહારાજ અને મોટાપુરુષને જીવન બનાવવા જરૂરી છે.

બાપાશ્રીના આ મંદવાડના કારણે સૌ ઉદાસ થઈ ગયા હતા... કોણ જાણે બાપાશ્રીની શું મરજી છે ? બાપાશ્રી લીલા સંકેલી તો નહીં લે ને ? સૌ મહારાજ-બાપાને સ્તુતિ-પ્રાર્થના કર્યા કરે... ઠાકરોજીને થાળ પણ સરખા ન થાય... ગળે કોળિયો કોઈનેય ન ઊતરે...

આ સમયે સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી અને સદ્.શ્રી વૃંદાવનદાસજી સ્વામી સૌને ધીરજ આપતા-હિંમત આપતા.

અને... આ મંદવાડ દરમિયાન બાપાશ્રીએ એક અલૌકિક ચરિત્ર કર્યું.

બાપાશ્રી પોતાના ઘેર માંદગીના બિછાને ખાટલા પર પોઢ્યા હતા ને લગભગ રાત્રિના બાર વાગ્યા હતા ત્યારે અચાનક પોતે ખાટલામાં બેઠા થઈ ગયા અને સેવકોને કહેવા લાગ્યા, "જાવ, મંદિરમાં જઈ સદ્ગુરુ આદિ



સંતો બ્રહ્મચારી-નિર્ગુણાનંદજી તથા મુનિ સ્વામીને લઈ આવો. આ બ્રહ્મચારી અને પુરાણી (મુનિ સ્વામીશ્રી)એ અમને આજે સાજા કરી દીધા."

પછી થોડી વારે મોતીભાઈ મંદિરમાં જઈ સર્વે સંતોને લઈ આવ્યા. અને સદ્ગુરુ આદિ સંતો દંડવત્-દર્શન કરી પાસે બેઠા ત્યારે બાપાશ્રી સદ્ગુરુ આદિ સંતો-હરિભક્તો પ્રત્યે કહેવા લાગ્યા જે, "અમને આ બ્રહ્મચારી તથા પુરાણીએ ન્યાલ કર્યા તે શું તો, અમને આજ સ્વપ્નમાં એમ જણાયું જે, અમે બહિર્ભૂમિ જવા બેઠા. તે સમે બ્રહ્મચારી નિર્ગુણાનંદજી, પુરાણી મુનિ સ્વામી ને ઘેલાભાઈ એ ત્રણ અમારી પાસે આવીને ઊભા રહ્યા. ત્યારે અમે કહ્યું કે "તમે અહીં કેમ આવ્યા છો ?" ત્યારે તેઓએ કહ્યું કે, "આપનો મંદવાડ લેવા આવ્યા છીએ." પછી તેમણે અમને દેહક્રિયા કરાવી અને બહુ સારી રીતે નવરાવવા લાગ્યા તે સર્વે અંગ ચોળી ઘણુંક પાણી રેડીને અમને નવરાવ્યા અને રોગ લઈ સાજા કરી દીધા. હવે અમને જણાય છે કે સારું થઈ ગયું... અમારો મંદવાડ જતો રહ્યો... માટે આ બ્રહ્મચારી અને મુનિએ અમને ન્યાલ કર્યા."

આ મંદવાડમાંથી સાજા થયા પછી બાપાશ્રીએ વૃષપુરમાં કથા કરાવી હતી. તે કથા પ્રસંગે કોઈક દિવસ બાપાશ્રી મંદિરના ચોકમાં જામફળી નીચે ઢોલિયામાં બેઠા હતા. અને ધનજી પટેલ પાસે કંકોત્રીઓ લખાવતા હતા.

બાપાશ્રી પાસે ભૂરાભાઈ, નાગજીભાઈ આદિ હરિભક્તો બેઠા હતા. તે સમે મુનિ સ્વામીશ્રીએ કથાની સમાપ્તિ કરી અને બાપાશ્રી પાસે આવી માથું નમાવી દર્શન કર્યાં ને કહ્યું, "બાપા ! આજે ગ્રંથ પૂરો વંચાઈ રહ્યો."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "આ બિચારાનો વાંચી વાંચીને કંઠ બેસી ગયો માટે શું આપશું ?"ત્યારે પાટડીના

નાગજીભાઈએ કહ્યું, "બાપા ! મૂર્તિ આપો." ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "મૂર્તિ તો આપી જ છે. પણ આજે તો પૂરું કરી દઈએ." એમ કરીને મુનિ સ્વામીના મસ્તક પર પોતાના બેય હસ્તકમળને દબાવીને કહ્યું કે, "જાઓ આજથી તમારું પૂરું, પૂરું, પૂરું ને પૂરું" - એમ ચાર વાર બાપાશ્રીએ રાજી થઈ અનહદ આશીર્વાદની વર્ષા કરી.

સં. ૧૯૭૪માં બાપાશ્રીએ ગ્રહણ કરેલા મંદવાડ પછી જ્યારે પોતે સાજા થયા અને મંદવાડને રજા આપી, ત્યારપછી તે વર્ષે ગામો-ગામ રોગચાળો થઈ ગયો હતો.

વૃષપુર ગામના કેટલાક લોકો રોગચાળાના કારણે પોતાનાં ઘર છોડી વાડીમાં રહેવા જતા રહ્યા હતા. બાપાશ્રી પણ આ દિવસોમાં સૌની સાથે પોતાની જે જાંબુડાવાડી તેમાં રહેવા લાગ્યા.

ગામના સૌ હરિભક્તો પણ દર્શન-સમાગમ માટે વાડીએ આવે અને બાપાશ્રી પણ સૌને પોતાના જાણી લાભ આપે.

એક વખત મુનિ સ્વામીશ્રી ભૂજથી બાપાશ્રીનાં દર્શન કરવા સાંજે આવ્યા પણ મંદિરમાં તો કોઈ હતું જ નહીં. ત્યારે હીરજી નાનજી કરીને એક હરિભક્ત હતા. તેમણે કહ્યું કે "બાપાશ્રી તો વાડીએ રહેવા ગયા છે તે ચાલો હું આપની સાથે આવું."

સ્વામીશ્રી વાડીએ પધાર્યા ત્યારે બાપાશ્રી તો ઢોલિયે પોઢ્યા હતા ને આગળ વાંસડા બંધાવ્યા હતા. પછી મુનિ સ્વામીશ્રીએ બહારથી દંડવત્ કર્યા. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "બીજા અંદર આવે તો મને ધ્યાનનું સુખ ન આવે પણ પુરાણી તમે તો અંદર આવો ને દર્શન કરો."

પછી તો સ્વામીશ્રી અંદર ગયા, દંડવત્-દર્શન કરી સાદડી પર બેઠા



અને બાપાશ્રીએ પણ મુનિ સ્વામીને ઘણીક વાતો કરી સુખ આપ્યું.

મુનિ સ્વામીનો બાપાશ્રી સાથે એવો આગવો નાતો હતો કે "બાપાશ્રી પોતે ગમે તેટલા વ્યસ્ત હોય, એકાંતમાં હોય કે કોઈ પદાર્થ લેવા-દેવાની અરુચિ હોય, પરંતુ મુનિ સ્વામી માટે આમાંનો કોઈ કાયદો લાગુ ન પડે. બાપાશ્રી રાજી થકા બોલે-ચાલે-દર્શન આપે અને સેવાને અંગીકાર પણ કરે."

## બાપાશ્રીના આશીર્વાદ

એક દિવસ બાપાશ્રી ભૂજ પધાર્યા હતા ને મેડા ઉપર આસને બેઠા હતા. સંત-હરિભકત પણ પાસે બેઠા હતા. તે સમે મુનિ સ્વામીશ્રીએ પોતાના હસ્તે લખેલ બાપાશ્રીના જીવનવૃત્તાંતનો (ગ્રંથનું નામ :- 'અબજી બાપાશ્રીનું જીવનવૃત્તાંત') ગ્રંથ લાવીને બાપાશ્રીના કરકમળમાં આપ્યો અને દંડવત્-દર્શન કરી રાજીપો તથા આશીર્વાદ માંગ્યાં. ત્યારે,


બાપાશ્રી આ દિવ્ય ગ્રંથ જોઈ બહુ રાજી થયા અને થોડું વંચાવી પોતાની સહી કરી આપી અને ચંદનથી પૂજા કરી આશીર્વાદ આપ્યો જે, "આ જીવનવૃત્તાંતનો ગ્રંથ જે કોઈ વાંચશે કે સાંભળશે તેનાં દુઃખ, દારિદ્રય અને રોગ જશે. વળી સુખ, શાંતિ અને સમૃદ્ધિને પામશે, તેમજ શ્રીજી મહારાજની આજ્ઞા-ઉપાસના દૃઢ થશે. વળી શ્રીજીમહારાજની કૃપાથી એકાંતિક, પરમ એકાંતિક ને અનાદિમુક્તની પદવીને પામીને મહારાજની મૂર્તિનું સુખ ભોગવશે." એમ અતિ રાજીપો જણાવી આશીર્વાદ આપ્યા અને તે પુસ્તક મુનિ સ્વામીને પાછું આપ્યું.

## બાપાશ્રીને જમાડવાની સેવા

એક દિવસ બાપાશ્રી ભૂજ પધાર્યા હતા તે વખતે મુનિ સ્વામીએ

ચણાનો લોટ દહીંમાં પલાળી પૂડલા બનાવ્યા ને બાપાશ્રીને હેત કરી સારી પેઠે જમાડ્યા ત્યારે બાપાશ્રીએ પણ તેમનો પ્રેમ જોઈ સારી પેઠે ઠાકોરજી જમાડ્યા.

બાપાશ્રીને હેત કરી ઝાઝા પૂડલા જમાડવાનો ફરી વખતનો આગ્રહ જોઈ અંતર્યામી સ્વરૂપ બાપાશ્રી બીજા દિવસે મુનિ સ્વામીને કહેવા લાગ્યા જે, ‘‘પુરાણી, ગઈ કાલે પેલા રોટલા શાના બનાવ્યા હતા ? એવા રોટલા આજે પણ બનાવો. કારણ કે ચાવવામાં દાંત નહીં તેથી પોચા ઠીક પડે છે ને નહાવાનો ખુલાસો પણ સારો થાય છે.’’



બાપાશ્રીની રુચિ જોઈ પ્રેમવિભોર થઈ મુનિ સ્વામીએ ફરી પૂડલા બનાવ્યા અને મહારાજને થાળ કરી બાપાશ્રીને જમાડ્યા અને રાજી કર્યા.

ભૂજ મંદિરમાં કોઠારમાંથી સંતો પણ બાપાશ્રીનો મહિમા સમજી બાપાશ્રી માટે તાજું ઘી-દૂધ વગેરે જે વસ્તુ જોઈએ તે આપતા અને પ્રસન્નતા



મેળવતા.

મુનિ સ્વામી પણ અન્નકૂટના દિવસોમાં અનેક પકવાન, ઉનાળામાં કેરીનો રસ, દૂધ-દહીં ઇત્યાદિક વિવિધ વસ્તુઓ બાપાશ્રીને જમાડી સેવાનો લાભ લેતા.

સં.૧૯૮૨ના આ મંદવાડમાં એક વખત બાપાશ્રીએ કહ્યું, ‘‘ખજૂર લાવો તો જમીએ.’’ પછી મુનિ સ્વામીએ ખજૂર સુધારી ઘીમાં બોળીને બાપાશ્રીને જમવા આપી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ‘‘આ ખજૂર તોડો ને મૂર્તિમાં જોડો.’’ પછી કહ્યું જે, ‘‘આ ખજૂર શ્રીજી મહારાજ પોતાના અનાદિમુક્ત દ્વારા જમે છે એમ જાણજો.’’

આમ બાપાશ્રીએ ખજૂર જમાડી. વળી ક્યારેક મુનિ સ્વામી બાપાશ્રીની રુચિ અનુસાર તરબૂચ સુધારી તેનું પાણી કાઢી બાપાશ્રીને પીવરાવતા હતા તો વળી ક્યારેક લીલી દ્રાક્ષ પણ મુખમાં મૂકીને જમાડતા હતા.

## અંતર્ધ્યાન થવાની એંધાણી

વિ.સં. ૧૯૮૪ની સાલ ચાલતી હતી... વિ.સં. ૧૯૭૪ના મંદવાડમાં બાપાશ્રીએ અંતર્ધ્યાન થવાનો સંકલ્પ કર્યો હતો; જાણે કે મહારાજનો સંકલ્પ હવે પૂરો થતો હોય ને શું ? બધા ભેગા થઈ ગયા હતા અને સૌ વિચારતા કે બાપાશ્રીનો આ મંદવાડ છેલ્લો છે. હવે બાપાશ્રી દર્શન નહીં આપે... કારણ કે બાપાશ્રીએ પોતાની મિલકતનું વીલ કરી નાખ્યું અને પોતાની પાછળ શું શું કરવું તેની પણ સૂચનાઓ આપી દીધી હતી.

પરંતુ અગાઉના પ્રકરણમાં જોયા મુજબ બ્રહ્મચારી નિર્ગુણાનંદજી અને મુનિ સ્વામીશ્રીએ બાપાનો મંદવાડ લીધો અને સાથે-સાથે સમર્થ સદ્ગુરુઓની પ્રાર્થના અને આગવી પ્રીતિ કે બાપાશ્રી અંતર્ધ્યાન ન થઈ શક્યા.

હવે… બાપાશ્રી જાણે પોતાને અંતર્ધ્યાન થવાનું છે તેવી વાતો મર્મમાં કરવા લાગ્યા… ને કેટલાકને કહેવા પણ લાગ્યા હતા.

સં. ૧૯૮૪ના જેઠ સુદ - ૨ ના દિવસે ભૂજ મંદિરમાં સત્સંગી જીવનની કથા બેઠી હતી. તેમાં બાપાશ્રી છેલ્લી વાર પધાર્યા હતા.

ઠાકોરજીનાં દર્શન કરી બાપાશ્રી મંદિરમાં આસને આવી બિરાજયા અને તે સમે મુનિ સ્વામી, સ્વામી ભક્તિપ્રિયદાસજી(ભૂજના મહંત) આદિ કેટલાક સંતો-હરિભક્તો પાસે બેઠા હતા ત્યારે બાપાશ્રીએ મુનિ સ્વામીને કેટલીક રહસ્યની ખાનગી ભલામણ કરી અને સ્વામી ભક્તિપ્રિયદાસજીને કહ્યું, “તમે હવે સત્સંગ સાચવજો.” મુનિ સ્વામીશ્રીને આ સાંભળી નવાઈ લાગી કે બાપાશ્રી આજ આમ કેમ બોલે છે ? ત્યાં તો વળી બાપાશ્રી અગમની એંધાણી આપતાં બોલ્યા, “અમે તો હવે માત્ર ૨૦-૨૫ દિવસના મહેમાન છીએ. અમારે હવે એક આંગડી ઉપર બીજી આંગડી નહીં ફાટે.”

આ સાંભળી સૌની આંખો ભરાઈ આવી… કોણ જાણે બાપાશ્રીનો શું સંકલ્પ હશે ? બાપાશ્રી અંતર્ધ્યાન તો નહીં થાય ને ?


બાપાશ્રીના મુખે આ શબ્દો સાંભળી મુનિ સ્વામીને તો બાપાશ્રીને છોડી ક્યાંય જવાનું મન જ થતું નહોતું… બસ, “આ બાપો હોય ક્યાંથી ? જેટલી મળે એટલી સેવા કરી લેવી છે.”

ભૂજથી મુનિ સ્વામી તથા શ્રી રંગદાસજી બાપાશ્રીની સાથે જ સેવામાં જોડાઈ ગયા. ત્યાંથી બાપાશ્રી વાડીએ પધાર્યા અને ત્યાં બાપાશ્રીને જળપાન કરાવ્યું.

આ દિવસોમા મુનિ સ્વામી બાપાશ્રીને કેરી સુધારી જમાડતા, વાયરો નાખતા, પાણી છંટાવતા. (કે જેથી બાપાશ્રીને ઠંડી હવા આવે.)

આ વખતે બાપાશ્રી ઘણુંખરું વાડીએ પોઢતા. પુરાણી-મુનિ સ્વામી આદિ સંતો બાપાશ્રીની સેવામાં ખડે પગે તૈયાર રહેતા. જોડે ને જોડે જ હોય.





મુનિ સ્વામી બાપાશ્રીના ચરણ દાબે તો વળી રાત્રે કથાવાર્તા કરી બાપાશ્રીની પાસે જ સૂઈ જતા અને રોજ સવારે વહેલા ઊઠી બાપાશ્રીને નવરાવે અને છત્રીના ઓટે બેસી પૂજા કરાવે, એવી ખૂબ-ખૂબ સેવા કરતા.

વળી આ જ વર્ષમાં (સં. ૧૯૮૪) જેઠ વદ-૮ ના રોજ કચ્છના માધાપર ગામે કથાની સમાપ્તિ હતી.

કથાની પૂર્ણાહુતિ પ્રસંગે બાપાશ્રી પધાર્યા હતા. પછી જયારે કથાની સમાપ્તિ થઈ એટલે પોતે વૃષપુર જવા તૈયાર થયા. ત્યારે પુરાણી મુનિ સ્વામીને પાસે બોલાવીને કહ્યું જે, “પુરાણી બચ્ચા ! હવે અમને છેલ્લી વાર પાણી પીવડાવો.” આવા શબ્દો સાંભળી સ્વામીશ્રી તો દુઃખી દુઃખી થઈ ગયા… હૈયું ભરાઈ આવ્યું… અંતરમાં ઉલ્કાપાત

મચી ગયો... પણ, બાપાને જળ ધરાવવાનું હતું તેથી સંયમ રાખી પોતે ઉતાવળે શીતળ જળનો લોટો લઈ આવ્યા અને લોટી વતે બાપાશ્રીને જળ ધરાવ્યું.

બાપાશ્રી પણ પુરાણીના આ ભાવ અને સેવા જોઈ, પુરાણીના માથે હાથ મૂકી બોલ્યા જે, ''પુરાણી ! હવે સદાય દિવ્યભાવે ભેળા ને ભેળા રહેજો.'' મુનિ સ્વામીના હાથથી બાપાશ્રીની આ છેલ્લી સેવા હતી.

## બાપાશ્રીની અંતર્ધ્યાનલીલા

સં.૧૯૮૪ ને અષાઢ સુદ - ૪ નો દિવસ થયો...

કોણ જાણે કેમ પણ આજ વહેલી પરોઢે મુનિ સ્વામી જાગી ગયા... આજ કોણ જાણે શું થશે ? કેમ થશે ? મંદવાડમાં બાપાશ્રીની તબિયત કેમ હશે ? મંદવાડ વધી તો નહીં ગયો હોય ને ? બાપાશ્રીએ પોતાને પૂર્વે આપેલી એંધાણી સાચી તો નહીં પડે ને ?...

બાપાશ્રી જાણે મુનિ સ્વામીને ખેંચી રહ્યા હોય તેમ... પરોઢથી જ બાપાશ્રીના આ વિચારોમાં હૈયું વ્યથિત થઈ ગયું.. આશાનાં કિરણો ડૂબતાં દેખાવા લાગ્યાં. વહેલી પરોઢે (વગર ઊગ્યે) સૂરજ જાણે ક્ષિતિજે ડૂબી રહ્યો હોય તેવું દેખાવા લાગ્યું. અને... બાપાશ્રીનાં દર્શન માટે હૈયું અધીરું બન્યું... તલપાપડ થયું...

મુનિ સ્વામીએ સાથી સંત શ્રીરંગદાસજી, ભૂજના મહંત સ્વામી ભક્તિપ્રિયદાસજી અને અન્ય હરિભક્તોને પોતાના અંતરમાં ઘોળાતી વાત કરી અને કહ્યું, ''બાપાશ્રીનો આ મંદવાડ છેલ્લો હોય તેમ લાગે છે... બાપાશ્રી કોણે જાણે હવે દર્શન-દાન આપશે કે કેમ ?... આપણે સૌએ વૃષપુર પહોંચવું જરૂરી છે... નહીંતર આ લાભ ફરી નહીં મળે... મોડું કરવા જેવું નથી...''

આ રીતે મુનિ સ્વામીએ સૌને તૈયાર કર્યા અને ભૂજથી વૃષપુર આવવા નીકળ્યા... સવારે આઠ વાગતાં તો સૌ વૃષપુર આવી પહોંચ્યા.



બાપાશ્રીનો ખાટલો ઘેર હતો તેથી ઘેર જઈ બાપાશ્રીને દંડવત્ કર્યા અને ઢોલિયા આગળ જ સૌ બેસી ગયા.

સંતો-હરિભક્તો ધૂન-કીર્તન કરતા હતા. થોડી વાર મુનિ સ્વામીએ કથાવાર્તા કરી... પણ બાપાશ્રીનો મંદવાડ જોઈ સૌ ઉદાસ થઈ ગયા હતા... ઘરમાં સૌનાં મુખ પર ઉદાસીનતા અને ગમગીની દેખાતી હતી. કોઈ-કોઈની સાથે વાત કરવા પણ તૈયાર નહીં... બપોરના ૧૨ વાગ્યા સુધી સંતો ઘેર બેઠા પછી મુનિ સ્વામી તથા શ્રી રંગદાસજી તો ''હવે બાપાશ્રીને છોડી ક્યાંય જવું જ નથી... આ છેલ્લો લાભ છે.'' એવું સમજી રોકાઈ ગયા અને બાકી સંતોને તો ભૂજ જવું જરૂરી હતું તેથી ભૂજ ગયા. અને મુનિ સ્વામી મંદિરમાં આવ્યા.

સાંજે ચાર વાગતાં તો વળી ભૂજથી હેત-મહિમા-રુચિવાળા સંતો બાપાશ્રીના છેલ્લા દર્શનનો લાભ લેવા વૃષપુર આવી પહોંચ્યા. મુનિ સ્વામી તથા ભૂજથી આવેલા સૌ સંતો ફરી બાપાશ્રીના ઘેર ગયા અને દર્શન કરી સૌ બેઠા. પણ બાપાશ્રીનો મંદવાડ અને દેહની ક્રિયા જોઈ થયું, ''બાપાશ્રી હવે સદ્ગુરુઓને ભેગા થવા રહેશે નહીં.'' આમ વિચાર આવતાં હૈયું રડવા લાગ્યું. ગળે ડૂમો ભરાઈ આવ્યો અને કાંઈ બોલી ન શકાય. છેવટે મુનિ સ્વામી આદિ સંતોએ બાપાશ્રીની ચંદન-પુષ્પથી પૂજા કરી આરતી કરી અને સૌ સાથે મંદિરમાં આવ્યા.

જાણે પોતાનું જીવન આજે પોતાનાથી દૂર જઈ રહ્યું હોય તેવું મુનિ સ્વામીને લાગતું હતું અને એમ કરતાં રાત્રિના ૧૧ વાગ્યા. મુનિ સ્વામી ફરી બાપાશ્રીના દર્શને ઘેર આવ્યા... અને ''બાપાશ્રી જાણે અંતર્ધ્યાન થવાની તૈયારી કરતા હોય તેવું લાગ્યું.'' સૌ સંતો-હરિભક્તો ધૂન-કીર્તન કરી રહ્યા હતા... કોઈ માળા ફેરવે, કોઈ પ્રાર્થના કરે, કોઈ બાપાશ્રીનાં દર્શન કરતાં બેઠા હતા. જાણે હમણાં

બાપા બોલશે. હમણાં કાંઈક કહેશે.

પણ, બાપાશ્રી જાણે ''આજે દૃઢ સંકલ્પ કરીને પોઢ્યા હોય એવું લાગતું હતું.'' મુનિ સ્વામીએ છેલ્લી વાર બાપાશ્રીની ચંદન-પુષ્પહારથી પૂજા કરી આરતી કરી... મંદિરમાં આવ્યા... અને...

શ્રીજીમહારાજે પોતાનો સવાસો વર્ષનો સંકલ્પ બાપાશ્રી દ્વારા વિ.સં. ૧૯૮૪ના અષાઢ સુદ-૪ ના રોજ રાત્રે ૨-૩૦ કલાકે ગુરુવારે પૂર્ણ કર્યો... સ્વતંત્રપણે બાપાશ્રીએ દેહોત્સવ કર્યો...

માછલીને જળ એ જીવન છે. જળ વગર માછલી રહી શકે જ નહીં. જો માછલીને જળથી જુદી કરવામાં આવે તો તરફડિયાં મારવા લાગે... તેમ બાપાશ્રીના વિરહમાં સૌ સંતો-ભક્તોની આ દશા થઈ ગઈ... અને સૌની આંખોમાં શ્રાવણ-ભાદરવો વરસવા લાગ્યો... ઉચ્ચ સ્વરે ધૂન બોલવા લાગ્યા તો કોઈ વળી વિરહનાં પદ બોલી રહ્યાં હતાં... તો વળી બાપાશ્રીના ચરણોમાં બેસી હૈયાફાટ રુદન કરતાં હતાં... કારણ કે, ''શ્રીજીમહારાજે સર્વોપરી ઉપાસનાના અને અનાદિમુક્તની સ્થિતિના પ્રવર્તનનું એક મહામોટું અલૌકિક સદાવ્રત બંધ કર્યું હતું.''

આ સંજોગોમાં સદ્‌ગુરુ મુનિ સ્વામીને રાત્રિના ૧૨ થી વહેલી પરોઢના ૫ વાગ્યા સુધી ઉપશમ થઈ ગયું. અને ઉપશમમાં ''તેજ-તેજના અંબારમાં દિવ્ય સ્વરૂપે બાપાશ્રીનાં દર્શન થવા લાગ્યાં... બાપાશ્રીના ભેળા અનંત દિવ્યમુક્તોનાં પણ દર્શન થવા માંડ્યાં... અને પોતે પણ જાણે મૂર્તિમાં લીન થઈ ગયા છે... એવો અનુભવ થવા લાગ્યો.''

અષાઢ સુદ-૫ના રોજ સવારે આઠ વાગ્યે બાપાશ્રીને પાલખીમાં પધરાવ્યા અને પાલખી ગામમાં ફેરવી. ધામધૂમપૂર્વક દિવસના ૧૨ વાગ્યે છત્રીએ આવ્યા.

આ પ્રસંગે ઘણા બધા મનુષ્યો ગામોગામથી આવ્યા હતા. પછી મુનિ સ્વામી તથા શ્રી રંગદાસજી તેમજ બાપાશ્રીના પુત્ર-પૌત્રાદિએ સાથે મળી



કાળી તલાવડીએ છત્રી સ્થાને બે વાગે અગ્નિ સંસ્કારવિધિ કર્યો.

બાપાશ્રી અંતર્ધ્યાન થયાના ખબર મળતાં ગામો-ગામથી નાના-મોટા સૌ હરિભક્તો ખરખરો કરવા આવવા લાગ્યા અને બાપાશ્રીના મનુષ્યરૂપે દર્શન ન થતાં નેત્ર સજળ થઈ જતાં. સદ્‌ગુરુ મુનિ સ્વામી પણ પોતાના હૈયે બાપાશ્રીના વિરહનું અત્યંત દુઃખ હોવા છતાં સૌને સમજાવતા. બળ આપતા કે, ''ભગવાન અને સત્પુરુષની ક્રિયા તો નટના જેવી છે. નટ તો આવ્યો નહોતો અને ગયો પણ નહોતો, કપાયો પણ નહોતો અને બળ્યો પણ નહોતો...એ તો જ્યાં હતો તેમ જ હતો... એ તો નટની વિદ્યા જે જાણતા ન હોય તેને એવા ભાવ દેખાય છે.

એમ, મહારાજ અને મુક્તનું આ બ્રહ્માંડમાં નટનાટક છે. મહારાજ અને મુક્ત તો જતાંય નથી અને આવતાંય નથી. એ તો જ્યાં છે ત્યાં છે અને જેમ છે તેમ જ છે... એ તો આપણા માટે... અવરભાવવાળાને આવ્યા અને ગયા એવું લાગે... પણ એ તો દેખાવા માત્ર છે.... મહારાજ અને મુક્ત તો અક્ષરધામમાં રહ્યા થકા મનુષ્યભાવ દેખાડે છે અને પોતાના સંકલ્પે કરીને જીવોને પોતાના જેવા કરવા મનુષ્યભાવે દર્શન આપે છે.

મહારાજ અને મુક્ત તો સદાય છે, છે ને છે જ. જેમ મહારાજ સદાય પ્રતિમા સ્વરૂપે પ્રગટ અને પ્રત્યક્ષ છે તેમ મુક્ત પણ સદાયને માટે પ્રતિમા સ્વરૂપે પ્રગટ અને પ્રત્યક્ષ જ છે.

બાપાશ્રી ગયા નથી, એ તો સત્સંગમાં સદાય છે, છે ને છે જ. બાપાશ્રીએ અત્યાર સુધી મનુષ્યરૂપે દર્શન-સેવા-સમાગમથી સુખ આપ્યું પણ હવે મહારાજની મરજી આવી હશે એટલે પોતે પ્રતિમા સ્વરૂપે બિરાજ્યા... જે બાપાશ્રીને ગયેલા જાણે... એ તો નાસ્તિક કહેવાય... આપણે તો એ પંક્તિમાં નથી.

બાપાશ્રીએ આજ સુધી આપણને શ્રીજી મહારાજના સર્વોપરીપણાનું જે જ્ઞાન આપ્યું-સિદ્ધાંત આપ્યો... અનાદિમુક્તની સ્થિતિએ વર્તવાની લટક

આપી તે પ્રમાણે આપણે વર્ત્યા કરવું અને બાપાશ્રીની રુચિ શું છે ? રાજીપો શામાં છે ? તે વિચાર્યા કરવું... તો બાપાશ્રી સદાય આપણી ભેળા જ છે... આપણે બાપાશ્રીના દીકરા છીએ... એ વાતનું બળ રાખવું..."

આવી રીતે મુનિ સ્વામીશ્રીએ સૌને હિંમત, આશ્વાસન આપ્યાં અને સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી તથા સદ્. શ્રી વૃંદાવનદાસજી સ્વામી આદિ સદ્ગુરુઓ આવી પહોંચ્યા એટલે બાપાશ્રીની ઉત્તર ક્રિયા નિમિત્તે મોટો યજ્ઞ કર્યો ને અમદાવાદમાં ૭ દિવસની મોટી પારાયણ પણ કરાવી હતી.

## બાપાશ્રીની વાર્તામાં

બાપાશ્રીની વાતોના ભાગ ૧,૨ માં સદ્ગુરુ મુનિ સ્વામીશ્રીનું નામ કથાપ્રસંગ સિવાય ઘણા સ્થળે આવે છે. તે વાતોની યાદી :-

ભાગ :- ૧ વાર્તા - ૧૧૧, ૧૯૮, ૨૦૫, ૨૧૩, ૨૨૧

ભાગ :- ૨ વાર્તા - ૧, ૩, ૪, ૮, ૯, ૧૦, ૧૧, ૨૪, ૨૫, ૨૯, ૩૦, ૧૧૨, ૧૧૩, ૧૧૬, ૧૧૮, ૧૨૧, ૧૨૪, ૧૨૫, ૧૩૧, ૧૩૨, ૧૩૪, ૧૩૬, ૧૩૯, ૧૪૫, ૧૪૯, અને પરચા વિભાગમાં પરચા નં-૫૨.

આ સિવાય પણ બાપાશ્રીની વાતોમાં ઘણાં સ્થળે મુનિ સ્વામીશ્રીનું નામ છે.

## બાપાશ્રીની પ્રસન્નતા

એક દિવસ બાપાશ્રીએ પુરાણી કેશવપ્રિયદાસજીને કહ્યું જે, "મુનિ સ્વામી ! કથા ચલાવો ને અમૃતરસ વરસાવો એટલે મૂર્તિના સુખની વાતો કરો." એમ કહી તેમના માથે હાથ મૂકીને બોલ્યા : આ મંદિર, આ સભા ને વાતો જે સંભારે તે મૂર્તિના સુખમાં પહોંચે." (બાપાશ્રીની વાતો, ભાગ - ૨, વાર્તા-૧૨૪)

વાર્તા - ૧૪૯ (બાપાશ્રીની વાતો, ભાગ - ૨)માં મુનિ સ્વામીને



સંબોધીને બાપાશ્રી કહે છે, "પુરાણી ! કાલે સવારમાં કથા પ્રસંગે એમ વાત આવી હતી જે, કારણ શરીર બાળીને મૂર્તિમાં જોડાઈ જાય તો ખરું સુખ મળે." ત્યારે પુરાણી કહે, "બાપા ! અમારા કારણ શરીર બાળીને મૂર્તિના સુખમાં જોડી દેજો." ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "તમારે કારણ શરીર ક્યાં છે ? તમને તો અતિ મોટા કર્યા છે અને મૂર્તિમાં જ રાખ્યા છે."

એક દિવસ કથાપ્રસંગે મુનિ સ્વામીને ચંદન ચર્ચતાં બાપાશ્રી બોલ્યા જે, "પુરાણી મહારાજ ! તમે તો ભારે કામ કરી લીધું. મૂર્તિમાં રહ્યા થકા કથા કરો છો. તેથી મહારાજ તથા સર્વે સંત - હરિભક્ત ઘણા રાજી થાય છે." (બાપાશ્રીની વાતો, ભાગ - ૨, વાર્તા ૧૭૬)

જયારે-જયારે બાપાશ્રીની દિવ્ય નિશ્રામાં યજ્ઞ-પારાયણ હોય ત્યારે મુનિ સ્વામી, બાપાશ્રીના જોગ-સમાગમ સારુ સાત સાત દિવસ સુધી અહોરાત્રિ અખંડ જાગતા. તે (બાપાશ્રીની વાતો, ભાગ - ૨, વાર્તા - ૧૩૪ મુજબ) એક દિવસ આવા જ કોઈ પ્રસંગે મુનિ સ્વામીને પોતાની પાસે બોલાવી બાપાશ્રી કહેવા લાગ્યા જે, "તમે જરા પણ આરામ કેમ નથી કરતા ? તમારે કથા વાંચવાની હોય તેથી જરા વિસામો (આરામ) કરવો ખપે." ત્યારે પુરાણી મુનિ સ્વામી કહે, "બાપા ! આપને જોઈએ છીએ એટલે આરામ થઈ જાય છે." આ સાંભળી બાપાશ્રી અતિ પ્રસન્ન થયા. બાપાશ્રી પ્રત્યે કેવો અહોભાવ, અને દિવ્યભાવ !! વાહ રે મુનિ સ્વામી ! વાહ ! "દયાળુ ! અમને પણ આવી ભક્તિ આપજો."

એક વખત એકાદશીના દિવસે સવારે ચાર વાગે મુનિ સ્વામીએ બાપાશ્રીને ઊના જળે કરીને ઘણાં જળથી સારી પેઠે સ્નાન કરાવ્યું. પછી બાપાશ્રી ઓરડીમાં ધોતિયું પહેરી તથા એક વસ્ત્ર ઓઢી પૂજા કરવા બેઠા ને બ્ર.નિર્ગુણાનંદજી પોતે બાપાશ્રીનું ધોતિયું ધોઈને

ઓરડામાં આવ્યા ત્યારે બાપાશ્રી, બ્ર.નિર્ગુણાનંદજી પ્રત્યે કહેવા લાગ્યા જે, ‘‘આ પુરાણીએ અમારી બહુ સેવા કરી છે, ને અમને બહુ રાજી કર્યા છે.’’ એમ બ્રહ્મચારીને કહી બાપાશ્રીએ મુનિ સ્વામીને કહ્યું જે, ‘‘આવો.’’ એમ પાસે બોલાવીને પોતે તિલક-ચાંદલો કરતા હતા ને પ્રસાદીના ચંદનથી મુનિ સ્વામીને ચાંદલો કરીને કહ્યું, ‘‘આ તમને મૂર્તિ આપી ને ભેળા રાખશું તેમજ ભેળા રહીશું એવા આશીર્વાદ આપ્યા.’’

એક વખત મુનિ સ્વામીએ બાપાશ્રીને કહ્યું જે, ‘‘બાપા ! મહારાજ અને મોટા અનાદિમુક્ત (આપ-બાપાશ્રી) મળ્યા છે અને આપે કેવળ કૃપા કરીને મૂર્તિમાં રાખ્યા છે. તે પણ જીવમાંથી હા પડે છે. વળી મૂર્તિ ભુલાતી પણ નથી ને મૂર્તિ વિના બીજે પ્રીતિ પણ જણાતી નથી. મૂર્તિના સુખની ત્વરા પણ રહે છે. પણ જેમ છે તેમ અનાદિમુક્તની સ્થિતિનો અનુભવ કરાવો.’’ ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ‘‘તમને મૂર્તિમાં મૂકી દીધા છે તેમજ મહારાજ અને મોટા તમારા ભેળા જ છે પણ અણુ જેટલાય છેટે નથી. આપણે કયા દરજ્જામાં છીએ ? તો, અનાદિમુક્તરૂપ છીએ. તમારા પણ સંકલ્પ ચાલે છે. પરંતુ તમને તમારા બળની ખબર નથી. તમારું સામર્થ્ય તમારા સુખને અર્થે મહારાજ અને આ મુક્તે રોકી રાખ્યું છે, પણ વખત આવ્યે સર્વે સુખ સોંપી દઈશું ને પૂરું કરી મૂર્તિનું સુખ ભોગવાવીશું’’ એમ પ્રસન્ન થકા બોલ્યા.

## મુનિ સ્વામીની અંતર્ધ્યાન લીલા

મહારાજ અને મુક્ત તો સદાય છે, છે ને છે જ, જગતના જીવની પેઠે મહારાજ અને મુક્તને જવું-આવવું નથી.



મહારાજ અને મુક્તની આ લીલા તો નટની જેમ છે. કારણ કે મહારાજ અને મુક્તનું આ લોકમાં પ્રગટ થવું અને અંતર્ધ્યાન થવું એ એક નાટક જ છે.

બાપાશ્રી સમકાલીન સર્વે સદ્ગુરુઓ એક પછી એક આલોકમાંથી અદશ્ય થઈ ગયા હતા... સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિના પ્રવર્તનના પોતાના અલૌકિક કાર્યની પૂર્ણ જવાબદારી જાણે કે બાપાશ્રીએ મુનિ સ્વામીશ્રીને સોંપી હોય તેમ બાપાશ્રી અને સદ્ગુરુઓના અંતર્ધ્યાન બાદ મુનિ સ્વામીશ્રીએ બાપાશ્રીના હેતવાળા સમગ્ર સત્સંગ સમાજને સાચવ્યો અને સુખિયો કર્યો અને કારણ સત્સંગરૂપી બાગના ઉત્તમ માળી તરીકે દેહાંત પર્યંત પોતે સેવા કરતા જ રહ્યા કરતા જ રહ્યા...

મુનિ સ્વામીશ્રીની ૯૫ વર્ષની ઉંમર થઈ હતી... સ્વાભાવિક છે કે અવરભાવમાં અવસ્થાના ભાવ જણાય જ... સ્વામીશ્રી પણ જાણે અંતર્ધ્યાન થવાની તૈયારી કરતા હોય તેમ જણાતું હતું... ક્યારેક મર્મમાં વચનો બોલતા હતા...

વિ.સં. ૨૦૩૦ના વૈશાખ વદ બીજી ૧૦ નો એ દિવસ હતો. મુનિ સ્વામીશ્રી વૃષપુર બિરાજતા હતા. પારાયણનો પ્રથમ દિવસ હતો... પણ, અગાઉથી મુનિ સ્વામીશ્રીએ આ પારાયણ અંગે અનુમતિ આપતાં કહ્યું હતું કે, ‘‘પારાયણ શરૂ કરો... બેય પારાયણ ભેગી થશે. પારાયણ બંધ ન રાખશો...’’ જાણે અગમવાણી ન ઉચ્ચારતા હોય !

પારાયણ હજી શરૂ થઈ નહોતી... પરંતુ સ્વામીશ્રી પારાયણ જલ્દી શરૂ કરવાનું કહેતા હતા. પોતે પૂજા કરી દર્શન કરવા પધાર્યા. થોડી વાર રહીને ફરીથી નાહ્યા અને ફરીથી પૂજા કરીને ફરીથી દર્શન કરવા પધાર્યા. (સવારે સ્નાન કરી પૂજા કર્યા બાદ ફરી પૂજા કરવાની ન હોય, પરંતુ સ્વામીશ્રીએ આજે આ એક નવીન ચરિત્ર કર્યું હતું કે બીજી વખત પૂજા કરી.)

દર્શન કરી પોતે ખુરશીમાં બેઠા અને સંતોને કહે, ''ઉતાવળ કરો, કથાનું મોડું થાય છે.''

સવારે ૯ વાગ્યા સુધી સ્વામીશ્રી ખુરશીમાં બેઠા અને પછી આસને આવી સંતો-હરિભક્તોને કહેવા લાગ્યા, ''બાપાશ્રીએ અમને કહ્યું હતું કે મૂર્તિમાં ભેળા રાખશું ને ભેળા રહીશું એમ કરી અમને ચાંદલો કર્યો હતો... વળી બાપાશ્રી એક પછી એક સર્વે સદ્‌ગુરુ આદિ સંતોને તેડી ગયા અને અમને અહીં મૂકી ગયા... પણ હવે મહારાજ અને બાપા અમને બોલાવે છે... હવે અમે પણ જઈશું... સૌ ભેળા મળી ભગવાન ભજજો... મહારાજ, બાપા અને સદ્‌ગુરુના રાજીપામાં રહેજો...''

સ્વામીશ્રીએ એક બાજુ કથાની શરૂઆત કરાવી દીધી હતી અને બીજી બાજુ ''અક્ષરધામમાં મહારાજ અને બાપાશ્રીની સાથે જાણે પોતે નક્કી કર્યું હોય તેમ આ લોકમાંથી અંતર્ધ્યાન થવાની તૈયારી કરવા માંડી.''

કથા પૂરી થઈ અને સૌ ઠાકોરજી જમાડી રહ્યા ત્યારે લગભગ સવારના ૧૨:૩૦ કલાકે સ્વામીશ્રીએ છેલ્લે છેલ્લે સેવકોના હાથે એક ચમચી જેટલું નારિયેળનું પાણી લીધું અને સૌ સંતો-ભક્તોને છેલ્લા જય સ્વામિનારાયણ કરી સ્વતંત્રપણે પોતાની દિવ્યલીલા સંકેલી લીધી.

અને આ રીતે, શ્રીહરિએ અવરભાવમાં દેખાતો પોતાનો સંકલ્પ અદશ્ય કર્યો અને અનંતને આત્યંતિક મોક્ષનો અવરભાવ આપતું અનોખું સદાવ્રત પોતાના દિવ્ય સ્વરૂપમાં સમાવી લીધું.

સ્વામીશ્રીની આ અંતર્ધ્યાન લીલાથી કચ્છમાં અને સમગ્ર સત્સંગ સમાજમાં જાણે મોટો કાળ પડ્યો. સ્વામીશ્રીના અંતર્ધ્યાન થયાના સમાચાર મળતાં સેવકો દુઃખી-દુઃખી થઈ ગયા. ''મીન સ્નેહી જળ'' જેવી જેની સ્વામીશ્રીની સાથે આગવી પ્રીતિ અને આત્મબુદ્ધિ હતી એવા સૌ સંતો-હરિભક્તો સ્વામીશ્રીના વિરહમાં ઝૂરવા લાગ્યા...



ચારેકોર કલ્પાંત થવા લાગ્યું... કોઈક તો બેભાન થઈ ગયા... કોઈક પોતાનો દેહભાવ ભૂલી ગયા... જાણે પોતાના દેહમાંથી જીવ જ ચાલ્યો ગયો હોય...

આધ્યાત્મિક માવતર સમાન - જનેતા સમાન સદ્‌ગુરુ મુનિ સ્વામીશ્રીના વિરહનું દુઃખ કોને ન હોય ? મા પોતાના બાળકને મૂકીને ચાલી જાય એવી મનોદશા સૌ સેવકોની હતી. મહારાજ, બાપા અને સમર્થ સદ્‌ગુરુઓ સદાય પ્રગટ અને પ્રત્યક્ષ હોવા છતાંય જાણે પોતે અનાથ બની ગયા હોય તેવી વિરહની વેદના સૌ અનુભવી રહ્યા હતા.

સૌને છેલ્લાં દર્શન-પૂજનનો લાભ મળે તેવા હેતુથી સ્વામીશ્રી જે રૂમમાં પોઢ્યા હતા, આસન હતું એ જ રૂમમાં સ્વામીશ્રીને દીવાલના ટેકે સ્વસ્તિક આસન વાળી બિરાજમાન કર્યા. જેમ-જેમ ખબર મળતાં ગયાં તેમ-તેમ કેશર-ચંદન, કુમકુમ કે ફૂલહાર લઈ સંતો-હરિભક્તો પૂજન-અર્ચન અને દંડવત્ કરી દર્શનનો છેલ્લો લાભ લેવા માંડ્યા હતા. સાંજના સાત વાગ્યા સુધી તો આ અવિરત પ્રવાહ પૂજન-દર્શન માટે ચાલુ જ રહ્યો... મંદિરની બહાર પણ હજારો બાઈઓ પોતાના દિવ્ય જીવનદાતાના વિરહમાં ચોધાર આંસુએ રડતાં ધૂન-કીર્તન કરતાં હતાં.

કચ્છ જિલ્લા માહિતી ખાતાના અધિકારીશ્રીના અનુગ્રહથી આકાશવાણીના અમદાવાદ-વડોદરા, રાજકોટ, ભૂજ, મુંબઈ તથા દિલ્હી કેન્દ્ર પરથી સદ્. મુનિ સ્વામીશ્રીના અંતર્ધ્યાન થયાના સમાચારનું ત્વરિત પ્રસારણ થયું અને વાયુવેગે આ સમાચાર પહોંચતાં વૃષપુરમાં ભાવિક ભક્તોનો વિશાળ માનવમહેરામણ ઊમટી પડ્યો.

વૈશાખ વદ-૧૧ના દિવસે સવારમાં તો અંતિમ દર્શને હરિભક્તો(જેને જે વાહનવ્યવસ્થા મળી તે દ્વારા) આવી પહોંચ્યા. આ પ્રસંગે ગુરુવર્ય પ.પૂ. બાપજી પણ ઘનશ્યામનગર મંદિરેથી એક ટ્રકમાં સંતો-હરિભક્તો સાથે

પોતાના પ્રાણપ્યારા ગુરુજીનાં અંતિમ દર્શન-પૂજનનો લાભ લેવા-લેવડાવવા વૃષપુર પધાર્યા હતા.

પ્રેમી ભક્તોએ વિરહની વેદનામાં તૈયાર કરેલી પાલખીમાં સ્વામીશ્રીને પધરાવ્યા અને મંદિરમાં સૌ સંતો, ટ્રસ્ટીઓ તથા બાપાશ્રીના પરિવારે સ્વામીશ્રીની છેલ્લી આરતી ઉતારી અને સૌ સેવકોએ જ્યારે સ્વામીશ્રીની પાલખી પોતાની કાંધ પર મૂકી ત્યારે "સહજાનંદ સ્વામી મહારાજની જય... બાપાશ્રીની જય... સદ્ગુરુશ્રીની જય... સ્વામિનારાયણ ભગવાનની જય..." એમ જયનાદ થવા લાગ્યા અને પ્રેમીભક્તોની આંખમાં શ્રાવણ-ભાદરવો વહેવા લાગ્યો.

વિરહનાં પદો અને ધૂન-કીર્તન કરતાં વિશાળ માનવમહેરામણની વચ્ચે સ્વામીશ્રીની પાલખી ઉપાડવા સંતો-ભક્તો પડાપડી કરતા હતા... આમ કરતાં ગામ આખામાં ધામધૂમથી પાલખી ફેરવી... સ્વામીશ્રીએ દિવ્યરૂપે સૌને અંતિમ દર્શન આપ્યાં અને ૧૦:૩૦ કલાકે નિયત સ્થળે સૌ આવી પહોંચ્યા ત્યારે સેવકોએ સ્વામીશ્રીને છેલ્લે પવિત્ર જળથી વિધિપૂર્વક સ્નાન કરાવ્યું અને કોરાં વસ્ત્રો (ધોતિયું-ગાતડિયું) ધારણ કરાવ્યાં અને સુખડ-કાષ્ઠથી તૈયાર કરેલી ચિતા પર સ્વામીશ્રીને પધરાવ્યા... શ્રીફળ તથા ઘી હોમી પ્રદક્ષિણા તથા દંડવત્ કરી સૌ સંતો - હરિભક્તોએ ભેગાં મળી અગ્નિસંસ્કાર વિધિ કર્યો અને સૌનાં નેત્રો સજળ બન્યાં.

## દિવ્ય પ્રસંગો

### આધ્યાત્મિક વારસદાર

કચ્છ, ઝાલાવાડ, નળકંઠો, ખાખરિયામાં સદ્ગુરુશ્રીનું વિચરણ હોય ત્યારે સૌ સંતો-હરિભક્તોમાં પ.પૂ. બાપજીનો ખપ, ખટકો અને આગ્રહ જોઈ સદ્ગુરુશ્રી પણ પ.પૂ. બાપજીને ટાણે-ટાણે દર્શન-સમાગમનું સુખ આપતા અને રાજીપો જણાવતા.



પ.પૂ. બાપજીનો તો એક જ આગ્રહ કે, "આ દિવ્યપુરુષ બિરાજે છે ત્યારે લાભ લઈ લેવો છે..... સિદ્ધાંતનો વારસો લેવો છે.... સદ્ગુરુને રાજી કરી લેવા છે."

કોઠારની, ભંડારની, વાસણની કે નાની-મોટી કોઈ પણ સેવા કરવાની, સૌ સંતો-હરિભક્તોને રાજી રાખવાના અને સાથે-સાથે કાન કથામાં રાખવાના અને સદ્ગુરુના રાજીપા સામે દૃષ્ટિ તો ખરી જ અને એટલે સદ્ગુરુશ્રીનો સહજમાં રાજીપો જણાઈ આવતો અને કથાવાર્તામાં કે એકાંતમાં રાજીપા રૂપી આ પ્રસાદીથી તૃપ્ત થઈ જવાતું.

વચનામૃતના અભ્યાસી એવા પ.પૂ. બાપજી સદ્ગુરુશ્રીના મુખે બાપાશ્રીના સર્વોપરી સિદ્ધાંતો અને વચનામૃતનાં ગૂઢ રહસ્યોને જાણી, સાંભળી આનંદમાં ગરકાવ થઈ જતા. અને સૌ નહાવા ગયા હોય ત્યારે બપોરે એકાંતમાં ગૂઢ રહસ્યો અને તત્ત્વજ્ઞાનની ઊંડી વાતો સદ્ગુરુશ્રીના મુખે સાંભળતા અને મનન-ચિંતન દ્વારા સૌને દઢાવ કરાવતા.

એક દિવસ કોઈએ સદ્ગુરુશ્રીને ફરિયાદ કરતાં કહ્યું કે, "આ સ્વામી (પ.પૂ. બાપજી) તમારો અને બાપાશ્રીનો મહિમા બહુ ગાય છે." ત્યારે તેવા કોઈ સેવકને વળતો જવાબ આપતાં સદ્ગુરુશ્રીએ કહ્યું, "ભલે ને ગાય.. એમાં ખોટું શું છે ?... જેના જીવમાં હોય તે ગાય..." અને પોતે પ.પૂ. બાપજીને ઉદ્દેશીને કહ્યું, "મહારાજ અને મોટાનો મહિમા તો ખૂબ કરવો... એના માટે તો આપણો જન્મ છે. પાછી પાની કરવી જ નહિ."

અને, એટલે જ સદ્. મુનિ સ્વામીનું સાન્નિધ્ય એટલે પ.પૂ. બાપજી માટે "ગોળનાં ગાડાં".

એક દિવસ સદ્. શ્રી મુનિસ્વામી પ્રસન્ન થકા બિરાજેલા અને પ.પૂ. બાપજી દંડવત્ કરી બેઠા, ત્યારે અંતર્યામી એવા સદ્‌ગુરુશ્રી બોલ્યા, ''સ્વામી, બોલો શું કહેવું છે ?'' અને.. પ.પૂ. બાપજી કહે, ''બાપા ! રાજી થઈ તમારો સિદ્ધાંત આપો.... આપના જ્ઞાનનો વારસો આપો. દયાળુ ! બસ, આ એક જ અરજ છે. '' અને સદ્‌ગુરુશ્રી અઢળક ઢળ્યા.... પોતે પાત્ર તો શોધી જ રહ્યા હતા.. બાપાશ્રીના સંકલ્પને યથાર્થ જાણનારા સદ્‌ગુરુશ્રી બોલી ઊઠ્યા,''સ્વામી ! મહારાજના સર્વોપરી સિદ્ધાંતોના પ્રચાર માટે તો આપણો જન્મ છે. બાપાશ્રીના પોતાના સિદ્ધાંતોનો વારસો તો તમે લઈને જ આવ્યા છો... અમે ન હોઈએ ત્યારે બાપાશ્રીના હેતવાળા બધાયને સુખિયા કરજો.. બાપાનો એમાં બહુ જ રાજીપો છે.'' એમ કહી પ્રસન્ન થકાં સદ્‌ગુરુએ મસ્તકે બે હાથ મૂકી દીધા અને પોતાનો આધ્યાત્મિક વારસો અર્પણ કર્યો.

## આધા તુમ્હારા, આધા હમારા

સદ્.શ્રી મુનિ સ્વામી નળકંઠાના ઝોલાપુર, વાસણ, વાસવા, ઉપરદળ, દદુકા, આદિ ગામોમાં ઘણી વખત પધારતા અને હેતવાળા સૌ સેવકોને શ્રીજીમહારાજ, બાપાશ્રી તથા સદ્‌ગુરુના મહિમાની, ઉપાસનાની તથા ધર્મ-નિયમની દઢતાની, મૂર્તિના સુખની ઈત્યાદિક અનંત પ્રકારની વાતો કરી સૌને દર્શન, સેવા, સમાગમનું સુખ આપી સુખિયા કરતા.

અન્ય ગામોમાં વિચરણ કરી સદ્‌ગુરુશ્રી જ્યારે દદુકા પધારે ત્યારે જાણે પોતાને ઘેર આવ્યા હોય તેવી હાશ અનુભવતા અને હરિભક્તો પણ સદ્‌ગુરુશ્રી મુનિ સ્વામીનાં દર્શન-સમાગમમાં રસતરબોળ થઈ જતા.

સદ્‌ગુરુશ્રી મુનિ સ્વામી દદુકાને પોતાનું ઘર માનતા, તેનું પણ એક



કારણ હતું... કારણ કે, શ્રીજીમહારાજ આ ગામમાં ૨૭ વખત પધારેલા અને અનેક લીલાઓ કરેલી. આમ, શ્રીજીમહારાજની અનેક સ્મૃતિઓ સાથે પ્રસાદીભૂત બનેલા દદુકામાં કોણ જાણે શ્રીહરિનો સંકલ્પ શો હશે ? જગતના જીવોને ખ્યાલ જ ક્યાંથી આવે ? મોટાની વાતો મોટા જ જાણે ને ? મહારાજ અને બાપાના દિવ્ય સંકલ્પોને તો સદ્. મુનિ સ્વામી જેવા દિવ્યપુરુષ જાણતા હોય.

વિક્રમ સંવત ૨૦૧૨ની સાલમાં સદ્. શ્રી મુનિ સ્વામી શ્રીહરિના કોઈ દિવ્ય સંકેતથી દદુકા પધાર્યા. સદ્. શ્રી મુનિ સ્વામી જ્યારે દદુકા પધારતા હતા ત્યારે ૮ થી ૧૦ દિવસ તો સહેજે રોકાય જ.

સદ્. શ્રી મુનિ સ્વામી પધાર્યાના સમાચાર મળતાં ગામના તથા આસપાસના હરિભક્તો દર્શન-સમાગમ માટે આવવા લાગ્યા. નજીકના વાસણ ગામથી દેવુભાઈ (પ.પૂ. બાપજી) પણ સમાચાર મળતાં આવી પહોંચ્યા.

એક દિવસની વાત છે. સવારનો સમય હતો... સેવકો ભંડારમાં રસોઈ કરતા હતા અને કથાને વાર હતી... હરિભક્તો હજી આવ્યા ન હતા.. સદ્‌ગુરુશ્રી પ્રસન્ન થકા પ્રદક્ષિણા ફરી રહ્યા. ગામના આગળ પડતા હરિભક્ત ઠક્કર કેશવલાલભાઈ દર્શને આવ્યા અને દેવુભાઈને વાત કરી કે, ''સદ્‌ગુરુશ્રીને પ્રાર્થના કરો... આશીર્વાદ અપાવો કે મહારાજ સેવક આપે.''

અને... સદ્‌ગુરુશ્રીની સાથે આગવી પ્રીતિના નાતે બંધાયેલા દેવુભાઈ(પ.પૂ.બાપજી)કેશવલાલભાઈ માટે પ્રાર્થના કરી, ''બાપા ! આ કેશવલાલભાઈ આવ્યા છે... એમની અરજ છે... દયા કરો... એક સેવક આપો...''

અને... શ્રીહરિના સંકલ્પ સમા સદ્‌ગુરુશ્રીના મુખે સ્વયં શ્રીજીમહારાજ બોલ્યા, ''મહારાજ દયા કરશે... એક નહિ, બે સેવકો આપશે.... પણ

આધા તુમ્હારા, આધા હમારા.''

અને... સદ્‌ગુરુશ્રી મુનિ સ્વામીના આશીર્વાદથી કેશવલાલભાઈના ઘેર વિક્રમ સંવત ૨૦૧૩માં પ.ભ. શ્રી જગદીશભાઈનો જન્મ થયો અને વિક્રમ સંવત ૨૦૧૫ માં ''આધા હમારા'' એટલે કે પોતાના આધ્યાત્મિક વારસદાર સમા મુક્તરાજ ''ઘનશ્યામ''નું પ્રાગટ્ય થયું.

સદ્‌ગુરુશ્રીના સંકલ્પથી પ્રગટ થયેલા આ મુક્તરાજ ઘનશ્યામ એટલે આપણા સૌનાય લાડીલા અને દિવ્યજીવનદાતા ગુરુવર્ય પ.પૂ.બાપજીના આધ્યાત્મિક વારસદાર એવા પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી કે જેમને આપણે સૌ પૂ. સ્વામીશ્રી તરીકે ઓળખીએ છીએ.

સદ્‌ગુરુશ્રીએ શ્રીહરિના દિવ્યસંકલ્પને આ બ્રહ્માંડમાં પ્રગટ કર્યો અને તે સાથે આ દદુકા ગામ સંપ્રદાયના ઈતિહાસમાં અમર થઈ ગયું.

ભગવાન અને સત્પુરુષને માટે પરચા-ચમત્કાર તો સામાન્ય છે. પરચા-ચમત્કાર દેખાડે એટલે એ મોટા એવું વિધાન ભગવાન અને સત્પુરુષને માટે નથી.

મુનિ સ્વામીશ્રીના મહિમાની વાત નીકળે ત્યારે રાજી થકા અહોભાવ સાથે વાત કરતાં પ.પૂ. બાપજી ઘણી વખત કહે, ''પરચા-ચમત્કાર તો મોટાપુરુષ માટે સામાન્ય છે... સંકલ્પમાત્રમાં અનંતકોટી બ્રહ્માંડોને મૂર્તિના સુખમાં મૂકવાની જેમની સામર્થી... પાપના પર્વત જેવા જીવનેય છેલ્લો જન્મ કરી ફદલમાં મૂર્તિમાં રાખી રોમ-રોમનું રસ બસભાવે સુખ ભોગવાવે તેવી અપાર સામર્થી જે મોટાપુરુષની છે એની આગળ પરચા-ચમત્કાર તો સામાન્ય છે. પરચા-ચમત્કાર જોઈ, વાંચી, સાંભળી ભગવાનનો અને સત્પુરુષનો નિશ્ચય ન કરવો. એમની પરભાવની અલૌકિક મોટપ જોઈ દિવ્યભાવે કરેલો નિશ્ચય ક્યારેય ખંડિત નથી થતો.''



તેમ છતાં પ.પૂ. બાપજી કહે છે કે, ''નવા આદરવાળા મુમુક્ષુઓ માટે પરચા-ચમત્કાર એ ભગવાન અને સત્પુરુષની સાથે જોડાણનું એક માધ્યમ છે.''

આવો ત્યારે, સદ્. મુનિ સ્વામીશ્રીના અંતર્ધ્યાન થયા પહેલાંના અને પછીના કેટલાક દિવ્ય પ્રસંગોને વાગોળી અહોભાવની દુનિયામાં રાચતા થઈએ.

અમદાવાદના રહેવાસી (વતન-ઠાસરા)ના વણિક જ્ઞાતિના ભાઈલાલભાઈનાં ધર્મપત્નીને શ્રીજીમહારાજ તેડવા પધાર્યા. સાથે મુનિ સ્વામીશ્રીનાં પણ દર્શન થયાં. પછી તે બાઈએ પોતાના પતિને કહ્યું, ''અહો ! આ મુનિ સ્વામીશ્રી તો આખી રાત વાતો કરે છે તો પણ ખૂટે એમ નથી.''એમ અંત વખતે તે બાઈએ પોતાના પતિને મુનિ સ્વામીશ્રીનો મહિમા કીધો અને મહારાજ તથા સ્વામીશ્રીએ તેના ચૈતન્યને મૂર્તિના સુખમાં લઈ લીધું.

ગામ દહીંસરામાં પા. લાલજીભાઈ રત્નાભાઈ હાલાઈનો નાનો દીકરો ઓરી નીકળવાથી માંદો હતો. તેને દર્શન દેવા મુનિ સ્વામીશ્રી તેના ઘેર પધાર્યા હતા ને ત્યાં નેત્ર મીંચીને ધ્યાનમાં બેઠા હતા.

સંતો, ઓરડાનાં પદ બોલ્યા પછી સ્વામીશ્રી નેત્ર ઉઘાડી સંતોને કહે, ''ઝટ કરો, મહારાજ તેડવા આવે છે.'' અને સંતો મેડા પરથી હેઠે ઊતર્યા... ને છોકરાએ દેહ મૂક્યો.

ગામ સેડલામાં ખોડીદાસ નામના એક બ્રાહ્મણ રહેતા હતા. તેઓ ૮૦ વર્ષે પાટડી આવ્યા ને સ્વામીશ્રીને કહેવા લાગ્યા, "દયાળુ ! શ્રીજીમહારાજ, બાપાશ્રી અને આપનાં, છેલ્લા બે મહિનાથી દર્શન થાય છે. પણ મહારાજ તેડી જતા નથી. દયાળુ ! મેં કોઈની પાસે વર્તમાન ધરાવ્યા નથી માટે દયા કરી મને વર્તમાન ધરાવો અને પૂરું કરો."

સાચા ભાવની પ્રાર્થના સાંભળી સ્વામીશ્રી રાજી થયા અને હાથ ઝાલી વર્તમાન ધરાવી, કંઠી પહેરાવી અને બોલ્યા, "જાવ, આજથી પૂરું... તૈયારી કરો." અને ચાર-પાંચ દિવસમાં જ મહારાજ ધામમાં તેડી ગયા.

સરસપુરના રહેવાસી પા.હરિભાઈ ધનજીભાઈને આઠ વર્ષનો એક દીકરો હતો. તેનું નામ વિનોદ. નાનપણથી જ તે અબોલ-મૂંગો હતો. ઘણા બધા પ્રયત્નો અને બાધા-માનતા કરવા છતાં પણ વિનોદ બોલતો ન થયો. છેવટે "સ્વામીશ્રી સિવાય બીજો કોઈ આધાર નથી, પ્રાર્થના કરીએ... પછી જેવી મહારાજની મરજી" એવા ભાવથી સ્વામીશ્રીને બધી વિગતે વાત કરી અને દયા કરીને પ્રાર્થના કરી. ત્યારે સ્વામીશ્રી બોલ્યા, "હરિભાઈ, મૂંગાને બોલતો કઈ રીતે કરવો ? અશક્ય છે. પણ મહારાજને પ્રાર્થના કરીએ છીએ... શ્રદ્ધા ને વિશ્વાસ રાખજો. મહારાજ દયા કરશે." અને સ્વામીશ્રીની કૃપાથી ૮ વર્ષનો વિનોદ (જન્મથી મૂંગો હતો તે) બોલતો થયો.

સં. ૨૦૦૭માં છપૈયાનો શતવાર્ષિક પાટોત્સવ હતો. તે વખતે



ભૂજના લાલશંકરભાઈ મહેતા કે જે મુંબઈ રહેવા ગયા હતા તેઓ મુનિ સ્વામીશ્રીને પૂછવા આવ્યા કે, "સ્વામી ! મારે મુંબઈથી સ્પેશિયલ ટ્રેઈન કાઢવાનો વિચાર છે. જો આપની મરજી હોય અને રજા આપો તો આગળ વધીએ." સ્વામીશ્રી કહે, "સ્પેશ્યિલ ટ્રેઇનનું કાંઈ કરવું નથી, ભગવાન ભજો... મહારાજની મરજી કાંઈક જુદી છે." દર્શન કરી તેઓ મુંબઈ ગયા અને ચાર-પાંચ દિવસમાં જ મહારાજ-બાપા ધામમાં તેડી ગયા ત્યારે સૌને સ્વામીશ્રીના આ સંકેતની ખબર પડી.

વિરમગામના પ.ભ. શેઠશ્રી ધારશીભાઈ (ઠક્કર) સવારમાં નાહીને માનસીપૂજા કરવા બેઠા. તે સમયે તેમણે જાગ્રતમાં મુનિ સ્વામીશ્રીને શ્રીજીમહારાજના ચરણમાં બેઠેલા જોયા. આથી તેમણે પોતાના નોકરને વાત કરી કે, મને આવાં દર્શન થયાં. પછી તે જ દિવસે સાંજે મુનિ સ્વામીશ્રી અંતર્ધ્યાન થયાના સમાચાર ટેલિફોનથી મળ્યા ત્યારે પોતાને સવારે થયેલાં દર્શનનું ગૂઢ રહસ્ય સમજાયું.

છત્રીએ બારસના દિવસે ચાલુ કથાપ્રસંગે, કડીના માસ્તર અંબાલાલભાઈ સ્વામીશ્રીનું આસન ખાલી જોઈને દિલગીર થઈ ગયા કે, "અહો ! આપણને સ્વામીશ્રીએ આ ખાલી આસનનાં દર્શન કરવા બોલાવ્યા હશે ?" ત્યાં તો આસનમાંથી તેજ છૂટ્યું. તેથી તેઓ અંજાઈ ગયા ને નેત્ર મીંચી ગયા. પછી થોડી વારમાં સ્વામીશ્રીની મૂર્તિ લાવીને આસન પર પધરાવી. જ્યારે તેમણે નેત્ર ઉઘાડ્યાં ત્યારે મૂર્તિ સ્વરૂપે સ્વામીશ્રીનાં દર્શન

કરી પરમ આનંદ પામ્યા.

ઝાલાવાડ દેશના નારીચાણા ગામના પ.ભ. ઠાકોર ગોવિંદભાઈ ભીમાભાઈ સં.૨૦૩૦ ના વૈશાખ વદ ૧૧ ના રોજ કચ્છમાં જવા માટે નીકળ્યા ત્યારે તેમને બસમાં બેઠા થકા જાગ્રતમાં દિવસે મુનિ સ્વામીશ્રીએ દર્શન દઈને કહ્યું કે, ''અમે આ સાલ વૈશાખ વદ ૧૦ ના રોજ સવારે યજ્ઞનો આરંભ કર્યો ને હવે મૂર્તિમાં સળંગ રહ્યા છીએ, મૂર્તિરૂપે દર્શન દઈશું.''

શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રીજી બાપા વાસણા, અમદાવાદ-૭. SMVS

શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રીજી બાપા વાસણા, અમદાવાદ-૭. SMVS